dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 174 | AD - 2025, Chaitra Sud-01 | Sunday, Dt.30-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૨ નોંધાઈ, હજુ અનેક લોકો ગુમ

# મ્યાનમારની ધરતી ફરી ધ્રુજી : મૃત્યુઆંક ૧૦૦૦ને પાર

નવીદિલ્હી,તા.૨૯

ભારતના પડોશી દેશ મ્યાનમારમાં ભૂકંપને કારણે મોટું નુકસાન થયું છે. શુક્રવારે ૭.૭ ની તીવ્રતાના ભૂકંપથી મ્યાનમાર અને થાઈલેન્ડમાં ઘણી ઈમારતોને નુકસાન થયું હતું. આ પછી પણ ભૂકંપની શ્રેણી અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. મ્યાનમારમાં ફરી એકવાર મધ્યરાત્રિએ લોકોએ ભૂકંપના આંચકા અનુભવ્યા હતા. રાષ્ટ્રીય ભૂકંપશાસ્ત્રીય કેન્દ્ર અનુસાર, મ્યાનમારમાં રાત્રે ૧૧:૫૬ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૨ નોંધાઈ છે. તેનું કેન્દ્ર મ્યાનમારના મંડલે શહેર નજીક હતું. મધ્યરાત્રિએ આવેલા આ ભૂકંપ પછી લોકો પોતાના ઘરોમાંથી બહાર નીકળી આવ્યા હતા. આવેલા ભૂકંપમાં એકલા મ્યાનમારમાં ૧૦૦૨ થી વધુ લોકોનાં મોત થયા છે. સેંકડો લોકો ગુમ થયાના અહેવાલ છે. આ ભૂકંપમાં અત્યાર સુધીમાં ૨૩૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. ૩૦ થી વધુ લોકો ગુમ થયાના અહેવાલ છે. રાહત અને બચાવ કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે. બીજી તરફ, થાઈલેન્ડમાં ભૂકંપને કારણે લગભગ ૧૦ લોકોના મોત થયા છે. આ અચાનક આવેલી આફત બાદ મ્યાનમારમાં કટોકટી લાદવામાં આવી છે. આ ભયાનક ભૂકંપની અસર માત્ર મ્યાનમારમાં જ નહીં પરંતુ પડોશી દેશોમાં પણ અનુભવાઈ હતી. ભારત, ચીન અને નેપાળ સહિત પાંચ દેશોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપગ્રસ્ત મ્યાનમારને મદદ કરવા માટે ભારતે ઓપરેશન બ્રહ્મા હેઠળ રાહત સામગ્રી મોકલી છે. વાયુસેનાનું વિમાન ૧૫ ટન રાહત સામગ્રી લઈને યાંગોન પહોંચ્યું છે. યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વેનો



અંદાજ છે કે મૃત્યુઆંક ૧,૦૦૦ થી વધુ હોઈ શકે છે. હોસ્પિટલોમાં લોહીની તીવ્ર અછતના અહેવાલો છે. મ્યાનમારમાં રાહત અને બચાવ કામગીરી ઝડપી ગતિએ ચાલુ છે, પરંતુ કાટમાળના ઢગલા, તૂટેલા રસ્તાઓ અને ધરાશાયી થયેલી ઈમારતો બધે જ દેખાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે હોસ્પિટલોમાં ઘાયલોની સંખ્યા પણ હજારોમાં છે. યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વે અનુસાર, આ ભૂકંપમાં મૃત્યુઆંક ૧,૦૦૦ થી વધુ હોઈ શકે છે. દરમિયાન, સરકારી અખબાર ગ્લોબલ ન્યૂ લાઈટ ઓફ મ્યાનમાર અનુસાર, પાંચ શહેરો અને અનેક નગરોમાં ઈમારતો ધરાશાયી થઈ છે, અને બે મોટા પુલ પણ ધરાશાયી થયા છે. આ વિનાશક ભૂકંપથી મંડલે, નાયપીડો, યાંગોન અને અન્ય ઘણા શહેરોમાં ઈમારતો, પુલો અને રસ્તાઓને ભારે નુકસાન થયું છે. પરંતુ મોટાભાગના મૃત્યુ નાયપીડોમાં થયા છે. અહીંથી મૃત્યુઆંક ૯૦ થી વધુ લોકો પર પહોંચી ગયો છે. મ્યાનમારની લશ્કરી સરકારના વડા, સિનિયર જનરલ મિન આંગ હ્લેઈંગે ટેલિવિઝન પર જણાવ્યું હતું કે દેશમાં અત્યાર સુધીમાં ૧૪૪ લોકો મૃત્યુ પામ્યા છે અને આ આંકડો વધી શકે છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર મંડલે નજીક હતું. ભૂકંપ પછી અનેક આફ્ટરશોક્સ પણ અનુભવાયા હતા, જેમાંથી એકની તીવ્રતા ૬.૪ હતી. મંડલેમાં, ભૂકંપને કારણે શહેરના એક મુખ્ય મઠ સહિત અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે. રાજધાની નાયપીડોમાં પણ ઘણા સરકારી કર્મચારીઓ માટેની રહેણાંક ઈમારતો કાટમાળમાં ફેરવાઈ ગઈ હતી, જ્યાં બચાવ ટીમો પીડિતોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહી હતી. એક ઓનલાઈન વીડિયોમાં સાધુઓ મંડલેની એક શેરીમાં તેમના મઠ, મા સો યાન,નો વીડિયો રેકોર્ડ કરતા દર્શાવવામાં આવ્યા હતા જ્યારે તે સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગયો હતો. આ અકસ્માતમાં કોઈ ઘાયલ થયું છે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી. ક્રિશ્ચિયન એઈડ નામની એક સંસ્થાએ જણાવ્યું હતું કે ભૂકંપથી એક બંધ પણ તૂટી ગયો હતો, જેના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે.






### એક વર્ષમાં ૪૧૦ નક્સલીઓને ઠાર મારતું સુરક્ષા દળ

# છત્તીસગઢના સુકમા અને દંતેવાડામાં ૧૭ નક્સલી ઠાર

સુકમા, તા.૨૯

છત્તીસગઢના નક્સલ પ્રભાવિત સુકમા જિલ્લામાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ એન્કાઉન્ટર સુકમા જિલ્લાના કેરળપાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયું છે. તેમણે કહ્યું કે કેરળપાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નક્સલીઓની હાજરીની માહિતી પર, શુક્રવારે સુકમા ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની સંયુક્ત ટીમને નક્સલ વિરોધી કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે તા. ૨૯ ના સવારથી સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે સમયાંતરે અથડામણ થઈ છે. સુકમા જિલ્લાના એસપી કિરણ ચવ્હાણે જણાવ્યું હતું કે સુકમા-દંતેવાડા સરહદ પર ઉપમપલ્લી કેરાલાપાલ વિસ્તારના જંગલોમાં સુરક્ષા દળો સાથે એન્કાઉન્ટર દરમિયાન અત્યાર સુધીમાં ૧૭ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. બે સૈનિકોને સામાન્ય ઈજાઓ થઈ છે. તેમણે કહ્યું કે એન્કાઉન્ટર સ્થળ અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા દળોનું સર્ચ ઓપરેશન ચાલુ છે. આઈએનએસએએસ અને એસએલઆર સહિત મોટી માત્રામાં



શસ્ત્રો મળી આવ્યા છે. માર્યા ગયેલા નક્સલીઓની સંખ્યા વધી શકે છે. એક વર્ષમાં અત્યાર સુધીમાં ૪૧૦ નક્સલીઓ માર્યા ગયા છે. આ એન્કાઉન્ટરમાં ડીવીસીએમ કેડર નક્સલી જગદીશ પણ માર્યા ગયાના સમાચાર છે. તાજેતરમાં, જેના માટે ૨૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું તે નક્સલી સુધાકરને પણ મારી નાખવામાં આવ્યો હતો. આ એન્કાઉન્ટરમાં બે સૈનિકો ઘાયલ થયા હતા અને તેમને સુકમાની સ્થાનિક હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. એન્કાઉન્ટર સ્થળ પરથી જવાનોએ એકે-૪૭, આઈએનએસએએસ રાઈફલ, એસએસઆર જેવા ૧૦ થી વધુ ઓટોમેટિક હથિયારો જપ્ત કર્યા છે. આનાથી સ્પષ્ટ થાય છે કે નક્સલવાદીઓના મોટા નેતાઓ ત્યાં ભેગા થયા હતા. બીજાપુર જિલ્લામાં શનિવારે વહેલી સવારે નક્સલીઓ દ્વારા લગાવવામાં આવેલ આઈઈડી વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં એક મહિલા ઘાયલ થઈ છે. માહિતી આપતાં પોલીસે જણાવ્યું કે ભૈરમગઢ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બોડગા ગામ નજીક સવારે લગભગ ૬.૩૦ વાગ્યે વિસ્ફોટ થયો હતો. જ્યારે સ્ત્રી મહુઆ ફળ લેવા જંગલમાં ગઈ હતી.






# કેન્દ્ર સરકારે ૧૫૬ સ્વદેશી પ્રચંડ હેલિકોપ્ટર ખરીદવાની આપી મંજૂરી

ન્યુ દિલ્હી,તા.૨૯

ભારત ૧૫.૫ ફૂટ ઉંચા એવા ૧૫૬ પ્રચંડ હેલિકોપ્ટર ખરીદશે. ભારતના સુરક્ષા અધિકારીના આધાર સાથેના એક રિપોર્ટમાં કહ્યું છે કે, આ અત્યાર સુધીનો સૌથી મોટો સુરક્ષા સોદો છે, જેને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. શુક્રવારે સુરક્ષા બાબતોની કેબિનેટ સમિતિ (સીસીએસ)ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સુરક્ષા અધિકારીએ જણાવ્યું કે સુરક્ષા મંત્રાલયે ચાલુ નાણા વર્ષમાં ૨.૦૯ લાખ કરોડ રૂપિયા કરતાં વધારેના કરારો પર હસ્તાક્ષર કર્યા છે. આ ખરીદીથી સુરક્ષાના ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતા વધશે, એટલું જ નહીં, હથિયારોના સ્વદેશીકરણને પણ પ્રોત્સાહન મળશે. અત્યાર સુધીમાં એચએએલએ ૧૫ પ્રચંડ હેલિકોપ્ટર બનાવ્યાં છે, જેમાંથી ભારતીય વાયુસેનામાં દશ અને ભૂમિદળમાં પાંચ એલસીએચ પ્રચંડ સામેલ છે. એલસીએચ પ્રચંડમાં બે લોકો બેસી શકે છે. આ હેલિકોપ્ટર ૧૫.૫ ફૂટ ઊંચું છે. સમગ્ર સૈન્ય સામગ્રી સહિત તેનું વજન ૫,૮૦૦ કિલો છે. તેમાં ૭૦૦ કિલો હથિયાર લગાડી શકાય છે.













# ધારીના આંબરડી અને પાદરગઢના વાડી વિસ્તારમાં કાંટમાં આગ લાગી

**અમરેલી-બગસરાના ફાયર વિભાગની ટીમે આગને કાબૂમાં લીધી**


તસવીર : સંજય વાળા

અમરેલી,તા.૨૯

ધારી તાલુકાના આંબરડી અને પાદરગઢના વાડી વિસ્તારમાં કાંટમાં કોઈ કારણોસર આગ લાગી હતી. ફાયર ફાઈટરની ટીમે સ્થળ પર દોડી જઈ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. ધારી તાલુકાના આંબરડી અને પાદરગઢ વચ્ચે વાડી વિસ્તારમાં કાંટમાં અચાનક આગ લાગી હતી. આ અંગે ધારી મામલતદારને જાણ કરવામાં આવી હતી. કાંટમાં વિકરાળ આગ લાગતા જ અમરેલી અને બગસરા ફાયર ફાઈટરની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. રેવન્યુ વિસ્તારમાં આગ લાગતા થોડીવાર માટે તંત્રમાં પણ દોડધામ મચી હતી. ફાયર ફાઈટરની ટીમે સતત ત્રણ કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. અંતે તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

# લાઠીના ગાગડીયો નદીમાંથી મળેલ મહિલાના મૃતદેહનું ફોરેન્સીક પીએમ પૂર્ણ, રિપોર્ટની રાહ

અમરેલી,તા.૨૯

લાઠીના ગાગડીયો નદીમાંથી ગઈકાલે એક અજાણી મહિલાનો નગ્ન મૃતદેહ મળી આવતા પોલીસે ઘટનાસ્થળે જઈ મહિલાની લાશનો કબજો લીધો હતો. આ લાશ કોની છે તેની તપાસ કરવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. જો કે મહિલાની હત્યા છે કે આત્મહત્યા તે અંગે મહિલાનું ફોરેન્સીક પોસ્ટમાર્ટમ કરવા માટે લાશને ભાવનગર મોકલવામાં આવી હતી. લાઠી પીઆઈ સોનીએ જણાવ્યું હતું ગાગડીયો નદીમાંથી મળેલી મહિલાની લાશની હજુ ઓળખ થઈ શકી નથી. મહિલાની હત્યા છે કે આત્મહત્યા તે જાણવા માટે મહિલાની લાશને પોસ્ટમાર્ટમ માટે ભાવનગર ફોરેન્સીક લેબમાં મોકલી આપી હતી જયાં તેનું પોસ્ટમાર્ટમ કરવામાં આવ્યું હતું. પોસ્ટમાર્ટમના રિપોર્ટ બાદ મહિલાના મોતનું સાચુ કારણ બહાર આવશે. મહિલાનો ડીએનએ રિપોર્ટ પણ ગાંધીનગર ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યો છે. હાલ મહિલાના મૃતદેહને કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો છે.


ફાઈલ ફોટો

# ચલાલા ખાતે મકવાણા પરિવાર દ્વારા દાનબાપુની જગ્યા પાસે નવરંગો માંડવો યોજાશે

ચલાલા, તા.૨૯

દાનેવધામ ચલાલામાં ભુવા દિપકભાઈ ભીખાભાઈ મકવાણા પરિવાર દ્વારા તા. ૩૧/૩ને સોમવારના રોજ દાનબાપુની જગ્યા પાસે કબલાપા માં પુજ્ય કેસર મા તેમજ મકવાણા પરિવારના કુળદેવી આદ્યશકિત શ્રી રવેચી માતાજીનો ચોવીસ કલાકના રૂડા નવરંગા માંડવાનું ભવ્ય આયોજન કરવામા આવ્યુ છે. શ્રી રવેચી માતાજીના ૨૪ કલાકના નવરંગા માંડવામાં દાનમહારાજ જગ્યાના લઘુમંહત મહાવીર બાપુભગત, ઉદયબાપુભગત, હર્ષદબાપુભગત, રતિદાદા મહેતા, મયુરબાપુ ગોસાઈ સહિતના સંતો મંહતોની ઉપસ્થિતિમાં ગામો ગામથી વિશાળ સંખ્યામાં ભુવાઓ ઉપસ્થિત રહી ડાક-ડમરૂની રમઝટ બોલાવશે.

# અમરેલી જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને જિલ્લા આયુષ સોસાયટી ગવર્નિંગ બોડીની બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૯

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા આયુષ સોસાયટી ગવર્નિંગ બોડીની બેઠક યોજાઈ હતી. જિલ્લા આયુષ સોસાયટીના વિવિધ મુદ્દાઓ અન્વયે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા વાર્ષિક એકશન પ્લાન ૨૦૨૫-૨૬ મંજૂર કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટર અજય દહિયા અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના વરદ્ હસ્તે આયુષ કેલેન્ડરનું વિમોચન કરવામાં આવ્યુ હતું. બેઠકમાં, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા અને અધિકારી-કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા, તેમ અમરેલી જિલ્લા આયુર્વેદ અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.




# અમરેલી જિલ્લાની પ્રાથમિક શાળાઓનો સમય સવારનો કરવા આદેશ

અમરેલી,તા.૨૯

અમરેલી સહિત સમગ્ર રાજયમાં છેલ્લાં ઘણા સમયથી કાળઝાળ ગરમી પડી રહી છે. કાળઝાળ ગરમીની સૌથી વધુ અસર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને થઈ રહી છે. શાળાનો સમય બપોરનો હોવાથી બાળકોને શાળાએ જવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેથી શાળાના સમય બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ગરમીને ધ્યાને લઈ આરટીઈ નોમ્સ મુજબ શાળાનો સમય વહેલી સવારે ૭:૧૫ થી બપોરના ૧૨:૧૫નો કરવા માટે જણાવ્યુ છે. શાળાના સમયમાં ફેરફાર તા.૧-૪-૨૦૨૫થી તા.૩૦-૬-૨૦૨૫ સુધી રહેશે તેમ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી પોલીસ દ્વારા વ્યાજખોરી નાબૂદી ઝુંબેશ અંતર્ગત લાઠી પોલીસ સ્ટેશન ખાતે બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૯

અમરેલી જિલ્લા પોલીસે વ્યાજખોરી નાબૂદી ઝુંબેશ અંતર્ગત લાઠી પોલીસ સ્ટેશન ખાતે એક બેઠકનું આયોજન કર્યું હતું. આ બેઠકમાં વ્યાજખોરો દ્વારા થતા શોષિતોના આર્થિક શોષણને અટકાવવા માટે લોકોએ પોલીસને સહકાર આપવો જોઈએ એવો અનુરોધ કરવામાં આવ્યો હતો. લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ સોની સહિત શહેરના અગ્રણીઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. વ્યાજખોરી એક સામાજિક દૂષણ છે અને તેને નાબૂદ કરવા માટે સમાજના દરેક વર્ગના સહયોગની જરૂર છે. પોલીસે લોકોને ખાતરી આપી હતી કે વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને પીડિતોને ન્યાય આપવામાં આવશે.



# બાબરામાં પાંચ અસામાજીક તત્વોનાં ઘરેથી ગેરકાયદેસર વીજ કનેકશન ઝડપાયા

**પોલીસની કડક કાર્યવાહીથી અસામાજીક તત્વોમાં ફેલાયો ફફડાટ**

બાબરા, તા.૨૯

ડીવાયએસપી ચીરાગ દેસાઈ દ્વારા સૂચના અપાતા બાબરાના પીઆઈ કે.બી. જાડેજા તથા સ્ટાફે પીજીવીસીએલના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે દોડી જઈ જુદાજુદા વિસ્તારમાં આ અંગે તપાસ કરી હતી. પોલીસ દ્વારા બાબરા પંથકના અસામાજીક તત્વોની યાદી તૈયાર કરવામાં આવી હતી. જે પૈકી તપાસ દરમિયાન પાંચ શખ્સના ઘરે ગેરકાયદે વીજ જોડાણ ઝડપાયુ હતું. બાબરાના દાનેવનગરમાં રહેતા દિલીપ ધીરૂભાઈ ખાચર, ધારપરામાં રહેતા ફૈઝલ સતારભાઈ અગવાન, અમરાપરાના મફતનગરમાં રહેતા હિસ્ટ્રીશીટર સતનામસિંગ મહેન્દ્રસિંગ ટાંક તથા સતપાલસિંગ સતનામસિંગ ટાંકને ત્યાંથી ગેરકાયદે વીજ જોડાણ મળી આવ્યુ હતું. બાબરા તાલુકાના કરિયાણા ગામે બુટલેગર રાજુ લક્ષ્મણભાઈ જતાપરા અને જુગારના કેસમાં સંડોવાયેલા મનસુખ સોમાભાઈ સાકરીયાને ત્યાં પણ ગેરકાયદે વીજ જોડાણ મળતા કેબલ સહિતનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો અને આ પાંચેય સામે બાબરા પોલીસ દ્વારા ઈન્ડિયન ઈલેકટ્રીસીટી એકટ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહીને કારણે ફફડાટ ફેલાયો છે.



# આજે સા.કુંડલા ખાતે આં.રા.હિન્દુ પરિષદની બેઠક

**અમરેલી જિલ્લાના આં.રા.હિન્દુ પરીષદના આગેવાનો અને બજરંગદળના આગેવાનો હાજર રહેશે**

અમરેલી,તા.૨૯

સાવરકુંડલામાં કબીર ટેકરી ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની બેઠક આજરોજ યોજાશે. આ બેઠકમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય મંત્રી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રણછોડભાઈ ભરવાડ ખાસ ઉપસ્થિત રહેશે.

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની બેઠકમાં સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. ગજેરા, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ, સૌરાષ્ટ્ર પ્રાંત મંત્રી છાત્ર પરિષદના પ્રાંત ઉપાધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી, ડો. કિરીટભાઈ દેસાણી, ઈન્ડિયા હેલ્પલાઈન પ્રાંત પ્રમુખ સુરેશભાઈ સોલંકી, રાષ્ટ્રીય બજરંગ દળના પ્રમુખ દિલીપભાઈ બામટા, અમરેલી જિલ્લા પ્રમુખ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ જિલ્લા મહામંત્રી મહેશભાઈ સોલંકી વિગેરે આગેવાનો ઉપસ્થિત રહેશે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનું સંગઠન મજબૂત થાય એવા પ્રયાસો કરવામાં આવશે. અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાની સમિતી તેમજ ગ્રામ્ય સમિતીની કામગીરી પુરી કરવામાં આવી છે. હનુમાન ચાલીસા કેન્દ્ર ખોલવાનું આયોજન કરવામાં આવ્યું છે. હિન્દુ સમાજ સંગઠીત થાય એવા શુભ આશયથી જનસંપર્ક અભિયાન શરૂ કરવામાં આવશે. રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણભાઈ તોગડીયા આ જિલ્લાના હોવાથી અમરેલી જિલ્લાનું વિશેષ મહત્વ છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, રાષ્ટ્રીય મહિલા પરિષદ સહિતની સંસ્થાઓ જોડાશે.

# ગજેરા DLSS સ્કૂલની ખેલાડીઓએ બીચ હેન્ડબોલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો

અમરેલી, તા.૨૯

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ કાર્યરત છે. સૌરાષ્ટ્રની એક માત્ર સ્પોર્ટ્સ સ્કૂલ કે જયાં સૌથી વધુ વિદ્યાર્થીઓ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ મેડલ મેળવી શ્રેષ્ઠ સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહ્યા છે. જેમાં અહીં અભ્યાસ કરતા અને હેન્ડબોલ રમતમાં સોમનાથ બીચ સ્પોર્ટ્સ હેન્ડબોલ ફેસ્ટિવલનું આયોજન, માધુતી બીચ (ગીર-સોમનાથ) ખાતે કરવામાં આવેલ હતું. જેમાં વેગડ મીના, હડીયા સુમિતા, બારૈયા નિધી, બલદાણીયા હિરલ, સોલંકી રૂષિતા, મેર રિધ્ધી, જાની હેમાંગી, સોલંકી દિવ્યા, હડીયા નેના એ રાજય કક્ષાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી અમરેલી જિલ્લા અને શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ હતું. આ વિદ્યાર્થિનીઓને રૂ. ૧,૦૦,૦૦૦/- રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવેલ હતું.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# જાફરાબાદનાં વાંઢ ગામ નજીક કચરાના જથ્થાને ભીષણ આગ લાગતા ફાયર ફાઈટરો દોડ્યા

**મોડી રાત સુધી આગને કાબૂમાં લેવાના પ્રયાસો**

અમરેલી, તા.૨૯

જાફરાબાદના વાંઢ ગામ નજીક ખુલ્લામાં રહેલા કચરાના ઢગલામાં ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ૭ જેટલી ફાયર બ્રિગેડની ટીમોએ ઘટનાસ્થળે દોડી જઈ આગ ઉપર કાબૂ મેળવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. જાફરાબાદના વાંઢ ગામની નજીક આવેલા ખુલ્લા કચરાના જથ્થામાં લાગેલી આગે વિકરાળ સ્વરુપ ધારણ કરતાં જાફરાબાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે મામલતદાર ઘટનાસ્થળે પહોંચ્યા હતા. હાલ રાજુલા, જાફરાબાદ બંને નગરપાલિકા, પીપાવાવ પોર્ટ, સિન્ટેક્ષ કંપની અને અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની સહિત ઉદ્યોગના ફાયર ફાઈટરો દ્વારા આગ પર કાબૂ મેળવાયો હતો. આગ કયા કારણોસર લાગી એ હજી જાણી શકાયું નથી. જોકે, આ આગના કારણે કારખાનામાં મોટું નુકસાન જવાની શક્યતા છે.



# થોરખાણ અને મોટા દેવળીયા ગામની શાળામાં સાયબર ક્રાઈમથી બચવા અંગે માર્ગદર્શન

**સાયબર ક્રાઈમનાં પોલીસ કર્મચારીઓએ ફ્રોડથી બચવા અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા**

અમરેલી, તા.૨૯

સમગ્ર દેશમાં છેલ્લા ઘણા સમયથી સાયબર ફ્રોડના બનાવો વધતા જાય છે. અજાણ્યા ફોન નંબરથી લોકોને ઘણીવાર ડિજિટલ અરેસ્ટ કરી લાખો રૂપિયા પડાવવામાં આવતા હોવાની ઘટનાઓ બનવા પામી છે. સાયબર ફ્રોડ અંગે લોકો જાગૃત થાય તે માટે ટેલિફોન કંપની દ્વારા કોલર ટ્યુનનો પણ ઉપયોગ કરવામાં આવે છે. ગઠીયાઓ ગમે તે વાતમાં ભોળવી લોકોનું બેંક બેલેન્સ સાફ કરતા હોવાથી અમરેલી જિલ્લા સાયબર ક્રાઈમ દ્વારા શાળાઓમાં પણ સાયબર ફ્રોડથી બચવા શું કરી શકાય તે માટે થોરખાણ અને મોટા દેવળીયા ગામની શાળાઓમાં સાયબર ક્રાઈમનાં પોલીસ કર્મચારીઓએ વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડથી બચવા માર્ગદર્શન આપ્યું હતું.



# યુથ પાર્લામેન્ટની જિલ્લા કક્ષાનીવક્તૃત્વસ્પર્ધાયોજાઈ

અમરેલી, તા.૨૯



યુથ પાર્લામેન્ટની જિલ્લા કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં ૮૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં શ્રી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા નાની કુંડળની વિદ્યાર્થિની મેર રવીના રમેશભાઈએ માત્ર એક દિવસની મહેનતથી પાંચમો ક્રમાંક મેળવીને રૂ. ૫૦૦૦નું ઈનામ જીતીને શાળાનું ગૌરવ વધાર્યું છે. સમગ્ર શાળા પરિવારને રવીનાની આ સિદ્ધિ પર ગર્વ છે અને તેઓએ તેને અભિનંદન પાઠવ્યા છે. આ સ્પર્ધા વિદ્યાર્થીઓમાં જાહેર વક્તૃત્વ કૌશલ્યને પ્રોત્સાહન આપવા માટે યોજવામાં આવી હતી અને રવીનાએ તેની પ્રતિભાથી સૌને પ્રભાવિત કર્યા છે.

# અમરેલી જિલ્લામાં ૧૧ અપ્રિલ સુધી અધિક કલેકટરનું જાહેરનામુ

અમરેલી, તા.૨૯

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમની કલમ હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જે અમરેલી જિલ્લામાં તા.૧૧ એપ્રિલ, ૨૦૨૫ સુધી અમલી રહેશે. જિલ્લામાં સભા-સરઘસ હથિયારબંધી, છટાદાર ભાષણ આપવા અને કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે.

આ ઉપરાંત વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. આ ઉપરાંત જિલ્લામાં સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી-પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે. ફરજ પર રોકાયેલા હોય તેવા પોલીસ જવાનો તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી અને અર્ધ સરકારી અધિકારી-કર્મચારીને કે શારીરિક અશક્ત વ્યક્તિઓને આ હુકમ લાગુ પડશે નહીં.

# સા.કુંડલા તાલુકા ભાજપ પ્રમુખ હિતેષ ખાત્રાણીનું રાજીનામું

અમરેલી, તા.૨૯




અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકા ભાજમાં મોટો રાજકીય ફેરફાર થયો છે. તાલુકા ભાજપ પ્રમુખ હિતેષ ખાત્રાણીએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. ખાત્રાણી સામે પાર્ટીના કાર્યકર્તાઓએ સક્રિય સભ્ય ન હોવાનો આક્ષેપ મૂક્યો હતો. પાર્ટીના નિયમ મુજબ, કોઈપણ હોદ્દેદાર બે વખત સક્રિય સભ્ય હોવો જરૂરી છે. આ મુદ્દે કાર્યકર્તાઓમાં વ્યાપક નારાજગી જોવા મળી હતી. સ્થાનિક ધારાસભ્યથી લઈને પ્રદેશ ભાજપ સુધી કાર્યકર્તાઓએ રજૂઆતો કરી હતી.

# લીલીયાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે વ્યાખ્યાનનું આયોજન

**ભગતસિંહ અને સુભાષ ચંદ્ર બોઝના જીવન કવન વિશે ચર્ચા કરાઈ**

લીલીયા, તા.૨૯

લીલીયા ખાતે આવેલ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે પંચપ્રકલ્પ અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ રાઠોડ અને ડો. મહેશ એસ. ગઢિયાના માર્ગદર્શન નીચે આઝાદી પ્રાપ્તિમાં સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન તેમજ જીવન પરિચય અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શહીદ ભગતસિંહ અને સુભાષ ચંદ્ર બોઝના જીવન ઉપર વ્યાખ્યાન કરાયું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે દિલીપભાઈ સોલંકી દ્વારા ભગતસિંહ અને સુભાષ ચંદ્ર બોઝના જીવન કવન વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.




# વીજપડી પે-સેન્ટર શાળામાં ધો.૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

સાવરકુંડલા,તા.૨૯

વીજપડી પે. સેન્ટર શાળા ખાતે ધોરણ ૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો હતો. શાળાના વિદ્યાર્થીઓ માટે આ દિવસ ભાવુક અને યાદગાર બની રહ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ શાળાની યાદગાર પળો યાદ કરી શિક્ષકગણ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. શાળાના શિક્ષકોએ વિદાય સંબોધનમાં વિદ્યાર્થીઓને પરિશ્રમ અને સદાચારનો માર્ગ અપનાવવા પ્રેરણા આપી હતી અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગીતગાન અને લાઠીદાવ રજૂ કર્યો હતો. જેના દ્વારા શાળા જીવનના મીઠા સંસ્મરણોને ઉજાગર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના દરેક શિક્ષકોએ વિદ્યાર્થીઓને સારા ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર આયોજન શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.





# અવસાન નોંધ

**બાબરા**

બાબરા નિવાસી ગૌ. વા. ચંદુભાઈ કેશવલાલ સેદાણીના સુપુત્રી, પત્રકાર દિપક સેદાણી - ભરતભાઈના નાના બહેન, ધ્રુવભાઈ, શ્યામભાઈ, રામભાઈ સેદાણી અને કવિતાબેન મેહુલભાઈ વડેરાના ફઈબા તથા ભાવનગર નિવાસી અતુલકુમાર ભીખાભાઈ સવાણીના ધર્મપત્ની સ્નેહાબેન(સરયુબેન) તા. ૨૬/૦૩/૨૫ ને અગિયારસના દિવસે શ્રીજીચરણ પામેલ છે. જેમની પિયરપક્ષની સાદડી તા. ૩૧/૦૩/૨૫ ને સોમવારે સાંજે ૫ થી ૬ લોહાણા મહાજન વાડી બાબરા ખાતે રાખેલ છે.

**અમરેલી**

રૂબાબબેન (ઉ.વ.૮૮) તે ગુલામહુશેનભાઈ મુલ્લાં મોહંમદઅલીભાઈના પત્ની, મુર્તઝાભાઈ, અબ્બાસભાઈ, બતુલબેન (લીલીયા)ના માતા તા. ૨૮/૩ને શુક્રવારે અમરેલી વફાત પામેલ છે. તેમની જીયારત (કુરાનખ્વાની) તા.૩૦/૩ને રવિવારે બપોરે ૧૨.૩૦ કલાકે, મહંમદી મસ્જિદ, અમરેલી રાખેલ છે.

**અમરેલી**

કંડોળીયા બ્રાહ્મણ અમરેલી નિવાસી સ્વ.બાબુલાલ પોપટલાલ વ્યાસના પુત્ર સ્વ.રાજેન્દ્રકુમાર બાબુલાલ વ્યાસ (ઉ.વ.૬૯) તે વિનોદરાય, સ્વ.જ્યોતિબેનના નાના ભાઈ અરવિંદભાઈ, કામાક્ષીબેનના મોટાભાઈ તથા હિતેષકુમાર(એફએસએલ-ડી.એસ.પી. ઓફિસ અમરેલી), સંજયભાઈના મોટા પપ્પા અને સમર્થ, સૌમ્યા, ક્રીશીવના દાદા તા.૨૮/૦૩/૨૦૨૫ ના રોજ કૈલાસવાસી થયેલ છે. તેમનું બેસણું તા. ૩૧/૦૩/૨૦૨૫ ના રોજ સાંજના ૫ થી ૭ કલાકે જીવનમુક્તેશ્વર મહાદેવ મંદિર, રેલ્વે સ્ટેશન સામે, અમરેલી ખાતે રાખેલ છે.

**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી. નં.૨૫/૨૦૨૫

પ્રતિ,
શ્રી રૂડીબેન માલાભાઈ ગોહિલ
રહે.કરેણી તા.ગીર ગઢડા, જિ.ગીર સોમનાથ

.....અરજદાર

વકીલશ્રી, એમ. એમ. કાતિરા રહે.કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ શ્રી માલાભાઈ મીઠાભાઈ ગોહિલ તથા શ્રી રૂડીબેન માલાભાઈ ગોહિલ નો પુત્ર શ્રી નોંધણભાઈ માલાભાઈ ગોહિલ નો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૫ માં કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના ડોળાસા ગામના સને ૧૯૬૫ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૪/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૮/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

કોર્ટનો સિક્કો


**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠકકર**
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**
ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy)
- સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર
- કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov)
- અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ**
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# ખાંભાના જામકા ગામે છરીની અણીએ પરિણીતા પર દુષ્કર્મ

**પરિણીતાના પુત્રને મારી નાખવાની ધમકી આપી વારંવાર દુષ્કર્મ કરાયુ**

અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લામાં ફરી એકવાર દુષ્કર્મની ઘટના સામે આવી છે. જેમાં ખાંભા તાલુકાના જામકા ગામે રહેતા એક શખ્સે પરિણીતાના ઘરે રાત્રીના સમયે પ્રવેશ કરી રસોડામાં લઈ જઈ દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ખાંભા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ખાંભાના જામકા ગામે રહેતી પરિણીતાએ ખાંભા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગત તા.૨૨-૨ના રોજ દીકરાને ઉધરસ થતા તેને પાણી પાવા માટે ઉભી થયેલ હતી જેથી રાત્રીના દોઢેક વાગ્યે ગામમાં જ રહેતો કાળુ રાઠોડે છરીને લઈને ઘરમાં ઘૂસી ફરિયાદી પરિણીતાને અડપલા કરી રસોડામાં ઢસડી જઈ સાડી કાઢી દુષ્કર્મ આચર્યુ હતું અને જો આ વાત કોઈને કહીશ તો દીકરાને મારી નાખવાની ધમકી આપી હતી.બીજા દિવસે પણ ફરી એકવાર કાળુ રાઠોડે રસોડામાં લઈ જઈ પરિણીતા પર બળાત્કાર ગુર્જાયો હતો. જેથી ફરિયાદી પરિણીતાએ એસિડની બોટલ પી જતા તેમને ઉલટી થતા તાત્કાલિક રાજુલા અને ત્યારબાદ ભાવનગર ખાતે સારવાર માટે ખસેડવામાં આવી હતી. જો કે આ ઘટનાની પરિણીતાએ તેના પતિ, સાસુ, જેઠને વાત કરતા આ અંગે ખાંભા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# અમરેલીમાં નિવૃત એસ.ટી.કર્મચારી સાથે રૂ.૫૦ લાખની છેતરપિંડી થતા ફરિયાદ

**રોકડ, ચેક અને ગુગલ પેથી અલગ-અલગ રીતે પૈસા આપ્યા**

અમરેલી,તા.૨૯

અમરેલી શહેરમાં એસ.ટી.ના એક નિવૃત કર્મચારી સાથે તેના મિત્રએ રૂ.૫૦ લાખ ઉછીના લીધા બાદ પરત નહી આપતા નિવૃત એસ.ટી.કર્મચારીએ અમરેલી સીટી પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. અમરેલીના ચક્કરગઢ રોડ પર રહેતા નિવૃત એસ.ટી.કર્મચારી અરવિંદભાઈ ડાયાભાઈ ગોહિલે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે કુંકાવાવ રોડ પર આવેલા જય ભગીરથ પેટ્રોલપંપવાળા રમેશભાઈ ગોહિલ સાથે મિત્રતા અને પારિવારિક સંબંધ હોય જેથી તેમની સાથે નાણાકિય વ્યવહાર થતો હતો. જો કે આ નાણા પરત પણ મળતા હતા પરંતુ ત્યારબાદ ધીમે-ધીમે રમેશભાઈ ગોહિલે તેના ભાણેજ અંકુર બુટાણીના ગુગલ પે એકાઉન્ટમાં નાખવાનું કહ્યુ હતું ત્યારબાદ રમેશભાઈને વધુ નાણાની જરૂરીયાત હોવાથી ફિક્સ ડિપોઝીટ તોડીને પણ તેમને પૈસા આપ્યા હતા. રમેશભાઈ ગોહિલના પુત્ર વંશને પણ રૂ.૨૫ લાખનો ચેક આપેલ હતો. આરોપી રમેશભાઈએ પેટ્રોલપંપ બંધ થઈ ગયો હોય ચાલુ કરવાની વાત કરી કટકે-કટકે રૂ.૫૦ લાખ જેવી માતબર રકમ લઈ લીધા બાદ આ રકમ પરત માંગતા માત્ર વાયદાઓ કરવામાં આવતા હોવાથી અરવિંદભાઈ ગોહિલે રૂ.૫૦ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીમાંથી ગૌવંશની કતલ કરી માંસ વેચતી મહિલા ઝડપાઈ

અમરેલી, તા.૨૯

અમરેલીમાં ગૌવંશની કતલ કરી માંસ વેચતી મહિલા ઝડપાઈ હતી. જરીનાબેન હાજીભાઈ કાલવા (ઉ.વ.૫૦) તથા સાબિરભાઈ મહેબુબભાઈ કાલવા બંને ઈસમોએ ગાય એ હિન્દુ ધર્મનું પવિત્ર પ્રતિક માનવામાં આવતી હોવાનું જાણવા છતાં હિન્દુ ધર્મની લાગણી દુભાય તેવું કૃત્ય કરી ગૌવંશ કાપી પોતાના કુટુંબ પરિવારના આર્થિક ફાયદો મેળવવાના ઈરાદે ગૌવંશ કાપી વેચાણ કરવાના ઈરાદે જરીનાબેન કાલવા પોતાના રહેણાંક મકાને ગૌવંશનું માંસ કિ.ગ્રા. ૧૭ સાથે ઝડપાઈ હતી. તેને ગૌમાંસ ભત્રીજા સાબિરભાઈ મહેબુબભાઈ કાલવાએ પુરું પાડ્યાની કબૂલાત કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. એન. માલકીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ભગત સિંહ યુવા સમિતિ બાબરા દ્વારા શહીદ ચોક તેમજ બલિદાન સ્તંભનું લોકાર્પણ કરવામાં આવ્યું

બાબરા, તા.૨૯



બાબરામાં શહિદે આઝમ ભગત સિંહ, સુખદેવ અને રાજગુરુના શહાદત દિવસ એટલે કે ૨૩ માર્ચ ૨૦૨૫ નિમિત્તે ભગત સિંહ યુવા સમિતિ બાબરા દ્વારા શહીદ ચોક તેમજ બલિદાન સ્તંભનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ભવ્ય તિરંગા રેલી સાથે બાબરા શહેર ક્રાંતિકારીઓના નાદ સાથે ગુંજી ઉઠ્યું હતું. આ રેલીમાં બાબરા શહેરના દરેક ધર્મના લોકો જોડાયા અને પુરા ભારત દેશમાં કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. શહીદ ચોકમાં દરેક ક્રાંતિકારીઓ અને ભારતીય સેનાના જવાનોની શહાદતને સન્માન રૂપ "બલિદાન સ્તંભ" બનવામાં આવ્યો છે અને શહીદોના ચિત્રો બનાવવામાં આવ્યા છે. જેનું લોકાર્પણ અમરેલીના વીર શહીદ મનીષ મહેતાના માત્ર ૧૧ વર્ષના સુપુત્ર જેનીશ મનીષભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પળે બાબરાના લોકોએ શહીદો અમર રહોના નારા સાથે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# સા.કુંડલાના મયુર દેસાઈએ પીએચડીની ડિગ્રી મેળવતા થઈ અભિનંદનની વર્ષા

અમરેલી, તા.૨૯



અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ગાધકડામાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર તરીકે ફરજ બજાવતા મયુરકુમાર મહેશભાઈ દેસાઈએ અંગ્રેજી સાહિત્યમાં પીએચડીની ડિગ્રી મેળવી અમરેલી જિલ્લા શિક્ષણ વિભાગનું ગૌરવ વધાર્યું છે. તેમણે "A Comparative Study of Narrative Techniques in the Selected Post Modern Writers: Arvind Adiga, Kiran Desai and Preeti Shenoy" વિષય પર પોતાનો થીસીસ સી.યુ. શાહ યુનિવર્સિટીમાં રજૂ કર્યો હતો. તેમના સુપરવાઈઝર તરીકે ડૉ. મનીષ પડિયા અને કો-સુપરવાઈઝર તરીકે ડૉ. ભાસ્કર પંડ્યાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**વંડા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ**

# પિયાવા ગામની પરિણીતા સાસરિયાના સિતમથી રિસામણે આવવા મજબૂર બની

વંડા, તા.૨૯

સાવરકુંડલાના પિયાવા ગામે રહેતી એક પરિણીતાના લગ્ન મૂળ જસદણના ગઢાળા ગામના અને હાલ રાજકોટ રહેતા યુવક સાથે થયા હતા. લગ્ન બાદ સાસરિયાએ સિતમ ગુજારવાનું શરૂ કર્યું હતું. જેને લઈ તે રિસામણે જવા મજબૂર બની હતી. યોગિતાબેન નરેશભાઈ મૈત્રા (ઉ.વ.૨૧)એ પતિ જયદીપસિંહ ભાભલુભાઈ ખાચર, સાસુ કૈલાશબેન ભાભલુભાઈ ખાચર, સસરા ભાભલુભાઈ વિક્રમભાઈ ખાચર, મિનાક્ષીબેન ભરતભાઈ બાયલ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓએ મળી તા. ૦૭/૦૨/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમિયાન અવારનવાર માર મારી ઘરકામ તથા કરિયાવરના નામે મેણા-ટોણા મારી શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપીને રિસામણે જવા મજબૂર કરી હતી. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે. આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં જામીન પર છૂટ્યા બાદ પુરુષે મહિલાને વોટ્સએપ કોલમાં ગાળો આપી

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલામાં એક મહિલાને જામીન પર છુટેલા પુરુષે વોટ્સએપ કોલમાં ગાળો આપી હતી. તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે કાંતીભાઈ મુળજીભાઈ વાળા (ઉ.વ.૪૧)એ વાસીફભાઈ લલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા આરોપી કાચા કામના કેદી તરીકે અમરેલી જિલ્લા જેલમાં હતા. તેમણે આરોપીનું અન્ય એક કાચા કામના કેદી સાથે રૂ.૧૮,૦૦૦માં સમાધાન કરાવ્યું હતું. જે બાબતનું મનદુઃખ રાખીને આરોપીએ જામીન ઉપર છુટ્યા બાદ તેમને ફોન કરી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ તેમના પત્નીને પણ વોટ્સએપ કોલમાં જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક એન. બી. ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**જાનથી મારવાની ધમકી આપી**

# સાવરકુંડલાના થોરડી ગામે શેઢાના ખુંટા કાઢવા મુદ્દે કુટુંબીજનો બાખડ્યાં

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુડલાના થોરડી ગામે શેઢાના ખુંટા કાઢવા મુદ્દે કુટુંબીજનોમાં માથાકૂટ થઈ હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઝવેરભાઈ મોહનભાઈ કસવાલા (ઉ.વ.૫૦)એ પ્રવિણભાઈ રવજીભાઈ કસવાલા અને મનસુખભાઈ રવજીભાઈ કસવાલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની વાડીએ પાણી વાળતા હતા તે દરમિયાન તેમની બાજુની વાડીના પ્રવિણભાઈ રવજીભાઈ કસવાલા વાડીના શેઢે આવી ખુંટા કાઢવા લાગ્યા હતા. જેથી તેણે ના પાડતા ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. ઉપરાંત ખપાળીનો લાકડાના હાથો તથા લાકડી વડે બંને આરોપીએ પગમાં બે-ત્રણ ઘા મારી મુઢ ઈજા પહોંચાડી હતી. તેમજ જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પ્રો.એએસઆઈ બી. વાય. હબસી વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજસ્થળીની શાળાના આચાર્ય અને વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

અમરેલી, તા.૨૯




અમરેલી તાલુકાના રાજસ્થળી પ્રાથમિક શાળાના આચાર્ય શીલાબેન ઉપાધ્યાય સેવા નિવૃત્ત થતાં અને ધોરણ ૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં ગ્રામ પંચાયત દ્વારા શીલાબેનને શાલ, શ્રીફળ, સાકરનો પડો અને સ્મૃતિ ભેટ આપવા આવી હતી. આ સાથે ધોરણ-૮ના વિદાય લેતા બાળકોને પણ ભેટ આપવામાં આવી હતી. સ્કૂલના સ્ટાફ દ્વારા પણ સન્માન પત્ર અને ભેટ આપવામાં આવી હતી. દાતા મેહુલભાઈ સેંજલિયા દ્વારા પણ ભેટ આપવા આવી હતી. આંગણવાડી બહેનો, સ્કૂલના બાળકો, એસએમસીના સભ્યો અને ગ્રામજનો દ્વારા પણ વિવિધ ભેટ આપવા આવી હતી. આચાર્ય દ્વારા શાળામાં પણ બ્લુટુથ સ્પીકર આપવામાં આવ્યું હતું અને બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું, સરપંચ ગણપતભાઈ સંજેલીયા દ્વારા ધોરણ ૮ ના બાળકોને ભેટ આપવામાં આવી હતી. આ તકે મોટા ગોખરવાળા, નાના ગોખરવાળા, લાપાળીયા, ફતેપુર, ચકકરગઢ અને જનતા વિદ્યાલય મોટા ગોખરવાળા આચાર્ય, એસએમસી સભ્યો, પંચાયત સભ્યો, ગ્રામજનો વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ધારીના દલખાણીયા રોડ આવેલ કૃષિ યુનિવર્સિટી કેમ્પસમાં ભીષણ આગ

**આગને કારણે ઓફિસ સંપૂર્ણ બળીને નાશ પામી**

ધારી,તા.૨૯



તસવીર : સંજય વાળા

ધારીના દલખાણીયા રોડ પર આવેલ કૃષિ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલા પી.ડબ્લ્યુ.ડી. સ્ટોરમાં અચાનક આગ લાગી હતી. આગની જાણ થતાં ધારી વહીવટી તંત્ર તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયું હતું. બગસરાથી ફાયર ફાઈટર અને પાણીના ટેન્કરો પણ બોલાવવામાં આવ્યા હતા. ધારી મામલતદાર અને પી.ડબ્લ્યુ.ડી. સ્ટાફ પણ ઘટનાસ્થળે હાજર હતા. ફાયર ફાઈટરના જવાનોએ આગને કાબૂમાં લેવાના પ્રયાસો શરૂ કર્યા હતા. ધારીમાં ફાયર ફાઈટરની સુવિધાનો અભાવ છે આગ લાગતા જ બહારગામથી ફાયર ફાઈટર બોલાવવું પડે છે. કૃષિ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલી ગાયકવાડી સમયની પી.ડબ્લ્યુ.ડી. ઓફિસ, જેનો ઉપયોગ હવે સ્ટોર તરીકે થતો હતો, તે આગમાં સંપૂર્ણપણે નાશ પામી હતી. પી.ડબ્લ્યુ.ડી.ના ડેપ્યુટી ઈજનેરના જણાવ્યા અનુસાર, સ્ટોરમાં કોઈ માલસામાન ન હતો. ફાયર વિભાગની ભારે મહેનત બાદ આગને કાબૂમાં લેવામાં આવી હતી.


★ ખેડૂતભાઈઓ માટે ★

જીપ્સમ

દહેજ તથા વડોદરાનું મટીરીયલ્સ

લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :

- એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
- એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા

તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ ૨૫થી ૪૦ ટન સુધી

ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી


# સાવરકુંડલાના આંબરડી ગામેથી સગીરાને યુવક ભગાડી ગયો

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલાના આંબરડી ગામેથી એક યુવક સગીરાને બદકામના ઈરાદે ભગાડી ગયો હતો. બનાવ અંગે સગીરાના માતાએ ખેરા ગામના મનસુખભાઈ ટીસાભાઈ ગુજરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની પુત્રીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના કે બદકામ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો.

# લાઠીમાં પીએમ શંકર વિદ્યાલયમાં વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

લાઠી, તા.૨૯



તસ્વીર : જગદીશ ખેર

લાઠીમાં માતુશ્રી પુરીબેન માવજીભાઈ શંકર વિદ્યાલય ખાતે શનિવારે ૨૦૨૪-૨૫ના વર્ષ દરમિયાન જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષામાં શ્રેષ્ઠ પરીણામ મેળવવા બદલ વિદ્યાર્થીઓને ટ્રસ્ટીઓએ સર્ટિફિકેટ આપી બિરદાવ્યા હતા. ગાયત્રી તીર્થ શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા લેવાતી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં આ શાળાની વિદ્યાર્થિની કુમારી દ્રષ્ટિ વિજયભાઈ ધરજીયાએ જિલ્લા કક્ષાએ પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ ટ્રસ્ટી દુલાભાઈ શંકરે પ્રમાણપત્ર આપી સન્માન કર્યું હતું. વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા લેવાતી જનરલ નોલેજની પરીક્ષામાં પણ આ શાળાના વિદ્યાર્થી તાલુકા કક્ષાએ ઝળકયા હતા જે બદલ ટ્રસ્ટી ઉકાભાઈ શંકરે સર્ટિફિકેટ આપી સન્માનિત કર્યા હતા.

# ચિત્તલમાં બે સ્થળેથી ૧૦ લીટર સહિત જિલ્લામાં ૨૦ લીટર દેશી દારૂ પકડાયો


અમરેલી, તા.૨૯

ચિત્તલમાં બે સ્થળેથી ૧૦ લીટર સહિત જિલ્લામાં ચાર સ્થળેથી પોલીસે ૨૦ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. દારૂ સાથે પકડાયેલા ચાર ઈસમોમાંથી ત્રણ મહિલાઓ હતી. અમરેલી શહેરમાંથી ત્રણ સહિત જિલ્લામાં વિવિધ સ્થળેથી કુલ આઠ લોકો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

## સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૪૦ |
| કપાસ સીગ્રેડ | ૪૩૫ | ૯૯૫ |
| એરંડા | ૧૧૭૦ | ૧૧૭૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૯૫ | ૧૫૦૧ |
| મગફળી | ૮૦૦ | ૯૦૧ |
| ચણા | ૧૦૨૨ | ૧૦૩૦ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૮૫૫ |
| તુવેર | ૧૨૨૧ | ૧૨૨૧ |
| ઘઉં | ૫૫૦ | ૫૫૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૧૮૦ | ૧૩૬૦ |
| મેથી | ૧૦૨૬ | ૧૦૨૬ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૫૦૦ |

સંજોગ ન્યૂઝ
રસધાર
રવિવાર
30 માર્ચ, 2025

06
વાર્તા વિશ્વ : શેરને માથે સવા શેર



06
સપ્તરંગ : અહંકારની ટક્કર છતાંય પિતાનું હૈયું પુત્ર માટે સદાય હેતાળ હોય છે

# યશવંત વર્મા કેસ : શું ન્યાયાધીશો દેશના કાયદાથી ઉપર છે ?

વિચાર વલોણું
જયવંત પંડ્યા





દિલ્લી ઉચ્ચ ન્યાયાલયના ન્યાયમૂર્તિ યશવંત વર્માના ઘરેથી કરોડો રૂપિયાની રોકડ રકમ મળી હોવાના સમાચારે ખળભળાટ મચાવી દીધો છે. આ કેસે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. ૧૪ માર્ચે ધૂળેટીના દિવસે તેમના ઘરમાં આગ લાગી ત્યારે યશવંત વર્મા ઘરે નહોતા. સ્વાભાવિક જ આગ ઓલવવા અગ્નિશામક દળની ટુકડી પહોંચી હતી, ત્યારે અનુમાન છે કે તેને રોકડા રૂપિયા મળ્યા હશે. પોલીસે કોથળાઓમાં ભરેલી નોટો સળગી ગઈ હતી તેનો વીડિયો ઉતાર્યો છે. એટલે અનુમાન એવું પણ છે કે અગ્નિશામક દળે જ પોલીસને જાણ કરી હશે. યશવંત વર્માના ઘરે આ કરોડો રૂપિયા આવ્યા ક્યાંથી ? આ ઘટના બની હતી ૧૪ માર્ચે, પરંતુ તેના સમાચાર મીડિયામાં આવ્યા છેક ૨૦ માર્ચે. તો શું દિલ્લીના મીડિયા પાસે ૧૫મી માર્ચે આ સમાચાર નહોતા? જો હતા તો ૨૦ માર્ચ સુધી કેમ ન આપ્યા? જો દિલ્લીના મીડિયા પાસે આ સમાચાર નહોતા તો ૨૦ માર્ચ સુધી કોણે દબાવી રાખ્યા ? કોની સૂચનાથી ? ૨૦ માર્ચે આ સમાચાર આવ્યા પછી ૨૬ દિનાંક સુધી જે રીતના ઠાગાઠૈયા (અથવા કહો કે ઢાંકપિછોડો કરવા સમય પસાર કરવાની રીત અપનાવાઈ) કરાયા તે પણ ચોંકાવનારા છે. આ સમાચાર પછી ૨૦ માર્ચે સર્વોચ્ચ ન્યાયાલયે ન્યાયમૂર્તિ વર્માનું સ્થાનાંતરણ પ્રયાગરાજ ઉચ્ચ ન્યાયાલય કરી દીધું. પરંતુ પ્રયાગરાજ બાર એસોસિએશને તેનો વિરોધ કર્યો. બાર એસો.ના પ્રમુખે તો ચોખ્ખેચોખ્ખું કહ્યું, "અમે ભ્રષ્ટ લોકોને સ્વીકારીશું નહીં. જો આવશ્યકતા પડી તો અમે ન્યાયાલયનું કામ બંધ કરી દઈશું. અલ્હાબાદ હાઈકૉર્ટ કુડે કા ડિબ્બા નહીં હૈ જો યહાં ભેજ દિયા ગયા હૈ" ૨૧ માર્ચે સર્વોચ્ચ ન્યાયાલયે સ્પષ્ટતા કરી કે આ તો સ્થાનાંતરણનો પ્રસ્તાવ હતો. (નિર્ણય નહીં) અને ઘરમેળે (ઇન હાઉસનું બીજું ગુજરાતી શું થાય?) તપાસ તો થશે જ. સર્વોચ્ચના મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાએ દિલ્લી ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ ડી. કે. ઉપાધ્યાયને ન્યાયમૂર્તિ વર્માની સામેના આરોપો સંદર્ભે એક રિપૉર્ટ આપવા આદેશ આપ્યો. ૨૧ માર્ચે અપાયેલા આ રિપૉર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિ ઉપાધ્યાયે કહ્યું કે "સમગ્ર ઘટના ઊંડી તપાસ માગી લે છે." વિચાર કરો, મુખ્ય ન્યાયમૂર્તિ ક્યારે કહે કે સમગ્ર ઘટના ઊંડી તપાસ માગી લે છે? પરંતુ સર્વોચ્ચ ન્યાયાલયનું ન્યાયાધીશ મંડળ, જેને કૉલેજિયમ કહે છે, તે ન્યાયમૂર્તિ વર્મા પાસેથી લેખિત ઉત્તર માગવા માટે ૨૨ માર્ચ સુધીનો સમય આપે છે. એટલે કે ઘટના બની તેના આઠ દિવસ પછી ન્યાયમૂર્તિ વર્મા ઉત્તર આપે. અને ઘટના પ્રકાશમાં (મીડિયામાં) આવી તે પછી બે દિવસ વિતી ગયા. કેટલો સમય મળી ગયો ન્યાયમૂર્તિ વર્માને? તેમાં એવું પણ સૂચન (આદેશ નહીં) કરાયું કે ન્યાયમૂર્તિ વર્માના મોબાઈલ ફૉનનો નિકાલ (ફૉન તૂટી ગયો, બગડી ગયો કે ચોરાઈ ગયો તેવાં બહાનાં ન ચાલે) કરવામાં ન આવે અને તેમાંથી કોઈ વાતચીત, મેસેજ કે ડેટા ડિલીટ કરવામાં ન આવે. ન્યાયમૂર્તિ વર્માએ જે ઉત્તર આપ્યો તે જોવા જેવો છે. તેમણે લખ્યું: "મારા દ્વારા કે મારા પરિવારના કોઈ સભ્ય દ્વારા સ્ટૉરહાઉસમાં કોઈ રોકડ ક્યારેય મૂકવામાં આવી નહોતી." (તો આવી ક્યાંથી? શું સુરક્ષા રક્ષકો પાસે કરોડો રૂપિયા હોય? તેમના બંગલાના આ આઉટહાઉસમાં તો નોકરો કે રક્ષકો રહેતા હોવાની વાત છે.) વર્માજીની વાત આગળ સાંભળો. "હું કડક રીતે નકારી કાઢું છું કે એ કથિત રોકડ અમારી હતી." (વર્માજી કથિત શબ્દ વાપરે છે એટલે એ પોતે નક્કર રીતે કહેતા નથી કે ત્યાં રોકડ હતી. પરંતુ જો હોય તો તે અમારી નહોતી તેમ તેઓ કહે છે.) સ્ટાફના રહેણાંકમાં જે રહેણાંકનો અનેક લોકો ઉપયોગ કરતા હોય ત્યાં કોઈ ખુલ્લામાં રોકડ રાખે તે માનવામાં આવે તેવું નથી." વિચાર કરો, જેનો વીડિયો ઉતારાયેલો છે, દિલ્લીના ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ કહે છે કે આ ઘટના ઊંડી તપાસ માગી લે તેવી છે અને રજત શર્માની 'ઇન્ડિયા ટીવી'ના રિપૉર્ટરને પણ ત્યાં રોકડ નોટ બળી ગયેલી સ્થિતિમાં મળે છે તો પણ ન્યાયમૂર્તિ વર્મા સાવ એટલે સાવ નકારી દે છે. આ કેસમાં પોલીસે એફઆઈઆર પણ નથી નોંધી. નિષ્ણાતો કહે છે કે કોઈ ન્યાયમૂર્તિની સામે આરોપ હોય ત્યારે મુખ્ય ન્યાયમૂર્તિના આદેશ વગર કંઈ કાર્યવાહી પોલીસ ન કરી શકે. ન્યાયમૂર્તિ સામે જો ભ્રષ્ટાચારના કે બીજી ગેરરીતિના આક્ષેપ હોય તો સંસદમાં તેમની સામે મહાભિયોગનો પ્રસ્તાવ લાવી શકાય અને જો તે બહુમતીથી પસાર થાય તો જ ન્યાયમૂર્તિને પદ પરથી હટાવી શકાય. તેમાં પણ રાષ્ટ્રપતિનો આદેશ આવશ્યક છે. માનો કે, ૨૦૧૪માં પ્રણવ મુખર્જીની જેમ રાષ્ટ્રપતિ અલગ પક્ષના હોય અને મોદી સરકારની જેમ સરકાર અલગ પક્ષની અને રાષ્ટ્રપતિ આદેશ આપવા ના પાડે તો? ઈ. સ. ૧૯૯૩માં વી. રામસ્વામી સામે સંસદમાં મહાભિયોગનો પ્રસ્તાવ લવાયો હતો પરંતુ તે બહુમતીના અભાવે પસાર કરી શકાયો નહોતો. ઈ. સ. ૨૦૧૧માં કોલકાતા ઉચ્ચ ન્યાયાલયના ન્યાયમૂર્તિ સૌમિત્ર સેન સામે મહાભિયોગનો પ્રસ્તાવ રાજ્યસભામાં લવાયો હતો. તેમની સામે આરોપ હતા કે : ૧. કોલકાતા ઉચ્ચ ન્યાયાલય દ્વારા તેમની નિમણૂક રિસીવર (સ્વીકારનાર) તરીકે થઈ હતી અને તેમને તગડી રકમ મળી હતી જેમાં ગોટાળો થયો હતો. કોલકાતા ઉચ્ચ ન્યાયાલય સમક્ષ આ અંગે રજૂઆતમાં તેમણે તથ્યો તોડીમરોડી રજૂ કર્યાં હતાં. તેઓ સુનાવણી માટે ન્યાયાલયમાં ઉપસ્થિત રહેતા નહોતા. ન્યાયાલયે આપેલી વિગતો આપતા નહોતા. સૌમિત્ર સેન સામે આ આરોપો પૂરવાર થયા (એટલે તો બહુમતીથી મહાભિયોગનો પ્રસ્તાવ પસાર થયો) એટલે તેમણે ત્યાગપત્ર આપ્યો. પરંતુ તેમને સજા કંઈ મળી? ના. ઉલટું તેમને નિવૃત્તિ પછીના લાભો મળવાનું ચાલુ જ રહ્યું ! વિચાર કરો કે આના બદલે કોઈ સામાન્ય સરકારી કર્મચારી કે સરકારી અધિકારી હોય તો ? તેની ધરપકડ થઈ હોત. તેને કેટલાય મહિના જેલમાં રહેવું પડ્યું હોત. સૌમિત્ર સેનની જેમ જ પૌલ ડેનિયલ દિનાકરન પ્રેમકુમાર (પી. ડી. દિનાકરન) સામે ભારતની બાર કાઉન્સિલ, જેમાં પૂર્વ કેન્દ્રીય કાયદા પ્રધાન રામ જેઠમલાણી પણ હતા, તેણે સપ્ટેમ્બર ૨૦૦૯માં આક્ષેપો કર્યા હતા કે દિનાકરન પાસે તમિલનાડુના તેમના ગૃહ નગર અરાકોનમમાં અધધ સંપત્તિ અને જમીન છે. વકીલોએ મુખ્ય ન્યાયમૂર્તિ અને કેન્દ્રીય ગૃહ પ્રધાનને વિનંતી કરી કે દિનાકરનની નિમણૂક સર્વોચ્ચના ન્યાયાધીશ તરીકે ન કરો. તેમણે રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ, વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ અને કેન્દ્રીય ગૃહ પ્રધાનને પત્ર લખી આ બાબતે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી. ડિસેમ્બર ૨૦૦૯માં રાજ્યસભાના અધ્યક્ષે તેમની વિરુદ્ધ મહાભિયોગનો પ્રસ્તાવ દાખલ કર્યો એટલે દિનાકરને ન્યાય તોળવાનું બંધ કર્યું. તેઓ ચર્ચીસ ઑફ સાઉથ ઈન્ડિયા અને શ્રી સુબ્રમણિયમ સ્વામી મંદિર જેવી પંથીય સંસ્થાઓના સ્થાયી વકીલ પણ હતા. તેઓ પછી ચેન્નાઈ ઉચ્ચ ન્યાયાલયમાં ન્યાયમૂર્તિ અને પછી કર્ણાટક ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા હતા. આ આક્ષેપો સપ્ટેમ્બર ૨૦૦૯માં થયા તે પહેલાં ઑગસ્ટ ૨૦૦૯માં સર્વોચ્ચે તેમને સર્વોચ્ચમાં ન્યાયમૂર્તિ તરીકે બઢતી આપવાનો નિર્ણય કર્યો હતો. અને જેવા આ આક્ષેપો થયા એટલે ન્યાયમૂર્તિ યશવંત વર્માની જેમ જ તેમની બદલી સિક્કિમ ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે કરી દેવાઈ ! તેમના પર આક્ષેપો હતા કે : તેમણે અનેક સરકારી જમીનો પચાવી પાડી છે, તળાવો, કેનાલ વગેરે, ગામમાંથી નીકળતા રસ્તાઓ, અને એક વનને પચાવી પાડ્યું છે. તેમની પત્ની અને દીકરીઓના નામે પાંચ હાઉસિંગ બૉર્ડના પ્લૉટ છે. બેનામી ટ્રાન્ઝેક્શન (પ્રતિબંધ) અધિનિયમ ૧૯૮૮ હેઠળ પ્રતિબંધિત અને સજાને પાત્ર એવી આર્થિક લેવડદેવડ કરી છે, દલિતો અને ગરીબોના માનવાધિકારનો ભંગ કર્યો છે. પદનો દુરુપયોગ કરીને ખોટા ન્યાયિક આદેશો આપ્યા છે. સૌમિત્ર સેનની જેમ જ દિનાકરને પણ ત્યાગપત્ર આપી દીધો એટલે વાર્તા પૂરી ! સૌમિત્ર સેનની જેમ તેમને પણ નિવૃત્તિ પછી મળવા પાત્ર લાભ મળતા હતા તેમ ૨૦૧૨માં થયેલી એક આરટીઆઈમાં જાહેર થયું હતું. બેંગ્લુરુમાં રહેતા આઈટી એન્જિનિયર અતુલ સુભાષ જેણે પત્નીએ ખોટા કરેલા કેસના કારણે જૌનપુરના ધક્કા ખાવા પડતા હતા અને તેની નોકરીને પણ અસર પડતી હોવાથી આત્મહત્યા કરી હતી, તેણે આક્ષેપ કર્યો હતો કે જૌનપુરના પારિવારિક ન્યાયાલય (ફેમિલી કૉર્ટ)નાં મહિલા ન્યાયાધીશ રીટા કૌશિકે અતુલ સુભાષની તરફેણમાં ચુકાદો આપવા તેની પાસેથી રૂ. પાંચ લાખ માગ્યા હતા. આ કેસમાં કોઈ તપાસ થઈ? ઈન્ટરનેટ પર પ્રાપ્ય માહિતી પ્રમાણે તો કોઈ ઉત્તર મળતો નથી. હા, અતુલ સુભાષની પત્નીને જામીન મળી જતાં, તે મુક્ત રીતે ફરે છે. હરિયાણાના ચરખી દાદરીના જિલ્લા બાર એસોસિએશને પત્ર લખ્યો હતો કે ત્યાંના ન્યાયાધીશ ફખરુદ્દીને મુસ્લિમ યાચિકાકર્તાઓને હિન્દુ શત્રુઓ સામે હિંસા માટે ઉશ્કેર્યા હતા. તેમણે આ માટે ધિક્કાર ઉપજાવે તેવી અને હિંસા માટે ઉશ્કેરાય તેવી ટીપ્પણીઓ કરી હતી.

મુસ્લિમ ન્યાયાધીશ ફખરુદ્દીને કહ્યું હતું, "તમે (મુસ્લિમો) લોકો મુસ્લિમ સમુદાયના નામ પર ધબ્બો છો કારણકે તમે અન્ય (હિન્દુ) સમુદાયના લોકોના હાથે માર ખાધો છે. તમે તમારા શત્રુઓને (આ કેસમાં હિન્દુઓને) ગોળી મારીને કેમ ન આવ્યા? હવે પછી ન્યાયાલય આવો ત્યારે પિસ્તોલ લઈને આવજો." હિન્દુઓના સંદર્ભમાં ન્યાયાધીશે કહ્યું કે તેમને મુસ્લિમોની સામે કોઈ સત્તા નથી. "તમે પિસ્તોલ લઈને આવજો. હું અહીં બેઠો છું. બધું સંભાળી લઈશ." બોલો, આ જજ સામે શું કાર્યવાહી થઈ? ઈન્ટરનેટ પર પ્રાપ્ય માહિતી પ્રમાણે, તેમની સામે કોઈ તપાસ સમિતિ બનાવાઈ નથી. સર્વોચ્ચ ન્યાયાલય કે ઉચ્ચ ન્યાયાલય કેટલીક બાબતોમાં ઓછામાં ઓછું, કડક મૌખિક ટીપ્પણી કરી દેતાં હોય છે જેથી રોષ શાંત પડી જાય, આ કેસમાં આવું પણ નથી થયું. અરે ! ન્યાયમૂર્તિ વર્માની જેમ તેમની ત્યાંથી બદલી પણ નથી કરાઈ (કરાઈ હોય તેવી કોઈ માહિતી ઈન્ટરનેટ પર નથી.) હદ તો ત્યાં થાય છે કે તમે આ જજ વિશે ગૂગલ સર્ચ કરો તો ઑપઇન્ડિયા, હિન્દુ પૉસ્ટ જેવી હિન્દુવાદી વેબસાઈટ, આ લેખકનું ટ્વીટ, કેટલીક ફેસબુક પૉસ્ટ સિવાય કંઈ મળતું નથી. એટલે કે 'અમે તો પ્રશ્ન પૂછીશું જ' તેમ કહી કોઈના ડર વગર બેધડક સમાચાર છાપવાનો દાવો કરતા અને જર્નાલિઝમ વિથ કરેજની ડંફાશ મારતાં કોઈ મુખ્ય પ્રવાહના મીડિયાએ આ સમાચાર પણ નથી છાપ્યા. પ્રશ્ન ઉઠાવવાની વાત તો દૂર છે. તાજેતરમાં પ્રયાગરાજ ઉચ્ચ ન્યાયાલયે એક ચુકાદામાં કહ્યું કે છોકરી/સ્ત્રીના વક્ષસ્થળને દબાવવા કે તેના પાયજામાનું નાડું ખોલવું એ બળાત્કાર નથી. ભલે કદાચ બળાત્કારની વ્યાખ્યામાં નહીં આવતું હોય પરંતુ શું તે ગુનો નથી? આની સામે સર્વોચ્ચે કડક ફટકાર લગાવી, પણ તેનાથી શું? બે-બે વાર લેખિતમાં ક્ષમા માગવા છતાં પતંજલિની ભ્રામક જાહેરખબર માટે સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયમૂર્તિ અહસાનુદ્દીન અમાનુલ્લાહ સ્વામી રામદેવને કહે છે કે અમે તમને ઊભા ચીરી નાખીશું પરંતુ આવી ભ્રામક જાહેરખબર ઇન્ડિયન મેડિકલ એસોસિએશનની મહોર સાથેની તો ઘણી આવે છે. તેની સામે શું પગલાં લેવાયાં? કર્ણાટકમાં સમ્માન કેપિટલ લિ. દ્વારા દાખલ કરાયેલી એક સિવિલ રિવિઝન પિટિશન અંગે ચુકાદો આપતાં સિવિલ જજે સર્વોચ્ચ ન્યાયાલયના ત્રણ ચુકાદા ટાંક્યા. ચોંકાવનારી વાત એ છે કે સર્વોચ્ચે આ ચુકાદા આપ્યા જ નથી ! આથી કર્ણાટક ઉચ્ચ ન્યાયાલયને આ સિવિલ જજ સામે તપાસ અને શિસ્તની કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે. વિચાર કરો, આ તો બહાર આવેલી બાબત છે. આ કેસમાં પણ જે મીડિયા રિપૉર્ટ છે તેમાં ક્યાંય સિવિલ જજનું નામ નથી. મીડિયાએ આ જજનું નામ કેમ ન છાપ્યું/લખ્યું? શું આ નામ ન છાપવા માટે કોઈ 'વહીવટ થયો હશે?' કે પછી ઉચ્ચ ન્યાયાલયે જ સિવિલ જજનું નામ નથી આપ્યું? આવા કેટલાં જૂઠાણાં કે ખોટાં ચુકાદા ન્યાયાધીશો દ્વારા અપાતા હશે? સલમાન ખાન કેસમાં એ જ સાક્ષી, એ જ પુરાવા છતાંય નીચલા ન્યાયાલય, ઉચ્ચ ન્યાયાલય અને સર્વોચ્ચ ન્યાયાલય- ત્રણેયના ચુકાદા જુદા ! કોઈ ગુનેગાર જ સાબિત ન થયો ! ઉત્તર પ્રદેશના સંભલમાં કે મહારાષ્ટ્રના નાગપુરમાં ટોપીધારીઓ હિંસા કરે છે અને પછી તેમની સાથે સરકાર બુલડૉઝર કાર્યવાહી કરે છે એટલે કાર્યવાહી રોકવાનો આદેશ એકાદ દિવસમાં કે કેટલાક કલાકોમાં જ કેમ આવી જાય છે? ન્યાયમૂર્તિ વર્માને ત્યાંથી નૉટના થપ્પા સળગી ગયાનો વીડિયો બહાર આવે છે, છબિઓ પણ છે. પરંતુ તે જ દિવસે કે બીજા દિવસે અગ્નિશામક દળના વડા અતુલ ગર્ગના નામે સમાચાર આવી જાય છે કે કોઈ રોકડ મળી નથી. અગ્નિશામક દળના વડા અતુલ ગર્ગ બાદમાં પોતે આવું કહ્યાનું નકારે છે. કદાચ એટલે કે રિપબ્લિક ચેનલ પર સાહસી વીર પત્રકાર-તંત્રી અર્નબ ગોસ્વામી આને જોરશોરથી ઉઠાવે છે. અને આ મુદ્દો બને છે. તો પછી આવાં જૂઠાણાં કેમ ફેલાવી દેવાયા? શું અતુલ ગર્ગની પણ આમાં મિલીભગત હતી? તેમને કોઈ રીતે 'મનાવી લેવાયા હતા કે આવા સમાચાર આપો?' કે પછી મીડિયાએ 'કોઈની સાથે મિલીભગત' કરીને આવાં જૂઠાણાં છાપ્યાં/બતાવ્યાં? મીડિયા રિપૉર્ટ પ્રમાણે, ન્યાયમૂર્તિ વર્મા સિંભોલી સ્યુગર મિલ છેતરપિંડી કેસમાં આરોપી હતા. આ મિલે બૅન્ક સાથે છેતરપિંડી કરી હતી અને ૨૦૧૮માં સીબીઆઈએ ઑરિએન્ટલ બૅન્ક ઑફ કૉમર્સની ફરિયાદના આધારે તપાસ આદરી હતી. વર્માજી તે મિલની કંપનીમાં અ-કાર્યકારી નિર્દેશક (નૉન ઍક્ઝિક્યુટિવ ડિરેક્ટર) હતા. ફેબ્રુઆરી ૨૦૨૪માં એક ન્યાયાલયે સીબીઆઈને તપાસ ફરી શરૂ કરવા આદેશ આપ્યો, પરંતુ (તિસ્તા શેતલવાડ, સંભલ, નાગપુરના આરોપીઓની જેમ) તરત જ સર્વોચ્ચ મદદે આવી. તેણે આ આદેશ ફેરવી નાખ્યો. આનાથી સીબીઆઈની તપાસ જ બંધ થઈ ગઈ ! આનાથી પ્રશ્ન ઊઠે છે કે શું ન્યાયમૂર્તિ કાયદાથી ઉપર છે? રાષ્ટ્રપતિ, વડાપ્રધાન પછી સૌથી વધુ પ્રૉટોકોલ ન્યાયાધીશ માટે હોય છે. મારફાડ મીડિયા પણ ક્યારેય ન્યાયાધીશની ટીકા કરતું નથી. નેતાઓ પણ નહીં. નેતા હોય કે અભિનેતા, મીડિયા કે પછી કૉલમિસ્ટ, સદા, ન્યાયાલય માટે પણ નામદાર શબ્દ પ્રયોજે છે, પરંતુ સંસદ માટે કે સચિવાલય માટે ક્યારેય નામદાર સંસદ કે સચિવાલય શબ્દ નથી. કેમ? કારણકે ન્યાયાલય કે ન્યાયાધીશ વિરુદ્ધ લખવાથી 'કૉર્ટના તિરસ્કાર'ની કાર્યવાહી થઈ શકે છે અને જેલમાં જવું પડી શકે છે. એટલે કે ન્યાયાલય માટે માન નહીં, પણ ડરથી કોઈ ટીકા કરતું નથી. લોકો રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, ઉદ્યોગપતિ, મહાન અભિનેતા, મહાન ખેલાડીની ટીકા કરે છે, પણ ન્યાયાલયની નહીં. ચૂંટણીમાં ગેરરીતિ માટે વડાપ્રધાનને ન્યાયાલય પદચ્યુત કરી શકે છે. છ વર્ષ માટે ચૂંટણી ન લડવા જણાવી શકે છે. વડાપ્રધાનની પણ ધરપકડ થઈ શકે છે. પરંતુ કોઈ ન્યાયાધીશની ધરપકડ કેમ નહીં? શું આરોપો સાબિત થાય તો માત્ર ત્યાગપત્ર જ ઉપાય છે? કે પછી આરોપો થાય એટલે બદલી કરી દેવી એ જ ઉપાય છે? આવું કેમ? શું ન્યાયતંત્રમાં સુધારા માટેનો સમય હવે પાકી નથી ગયો? ■ jaywant.pandya@gmail.com

# અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય – કોમેડીથી ટ્રેજેડી પેદા થઇ શકે છે

રાજકીય રસધાર
પ્રવીણ માધાણી



આઝાદી બડો લવચીક શબ્દ છે. તમારી અને સામાવાળાની એમ બે સંદર્ભમાં જો કરવામાં આવે તો બંને છેડાની વ્યાખ્યામાં એકસો એંસી ડિગ્રીનો ફરક હોઈ શકે છે. જયારે તમે કોઈપણ પ્રકારની આઝાદી તમારા સારું ઈચ્છી રહ્યા છો ત્યારે બધા અધિકારો તમારા તરફી હોવા જોઈએ અને ફરજો તમારા સિવાયની દુનિયા તરફી હોય એવી માનસિકતા રહે છે. પણ જયારે સામાવાળાની આઝાદી કે તમારી આઝાદી તરફેની એની પ્રતિક્રિયા ઈચ્છો ત્યારે બંને છેડાની તમારી અપેક્ષાઓ વિરુદ્ધ થઈ જાય છે. ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૯ થી ૨૨ મા ભારતના દરેક નાગરિકોની સ્વતંત્રતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ અનુસાર ૧૯(૧) એ અનુસાર પહેલી સ્વતંત્રતા વાણી, વિચાર અને અભિવ્યક્તિની છે. જે અંતર્ગત દેશનો દરેક નાગરિક પોતાના વિચારો કે વિરોધને વ્યક્ત કરી શકે છે. આ સ્વતંત્રતા નાગરિકોનો મૌલિક અધિકાર છે, પરંતુ બંધારણે તેના પર મર્યાદાઓ પણ લગાવેલી છે. આ મુદ્દો ખુબ જ ગુંચવણભર્યો છે. પરિણામ સ્વરૂપે વારંવાર સવાલ પેદા થાય છે કે બોલવા, લખવા કે કળાના માધ્યમોથી અભિવ્યક્તિ કરવાની આઝાદીની મર્યાદા ક્યાં સુધી હોવી જોઈએ. અભિવ્યક્તિ કરવાવાળો પક્ષ પોતાની રીતે અર્થઘટન કરે છે, જયારે જેના વિશે બોલવા કે લખવામાં આવ્યું છે એ અન્ય રીતે અર્થઘટન કરે છે. વ્યાખ્યાઓ સ્પષ્ટ છે, પણ અર્થઘટન જયારે સગવડ પ્રમાણે થાય ત્યારે વ્યાખ્યાની જમીન સ્થિર નથી રહેતી. તમારી અભિવ્યક્તિની સ્વતંત્રતા ત્યાં સુધી જ સંભવ અને અખંડ છે, જ્યાં સુધી તેના ઉપભોગથી બીજાની સ્વતંત્રતા અને સન્માન જોખમમાં નથી મુકાઈ જતા. સ્વતંત્રતાનો ખ્યાલ સંપૂર્ણ નથી. સાપેક્ષ છે. એ બીજા પર સતત અવલંબિત રહે છે. એ સાવ સાચું છે કે અભિવ્યક્તિની સ્વતંત્રતા હોવી જ જોઈએ. તો જે અભિવ્યક્તિ કરી રહ્યા છે, તેમને અભિવ્યક્તિની વ્યાખ્યા પણ ખબર હોવી જોઈએ, એ પ્રાથમિક શરત છે. કોઈને ગાળ દેવી એ તમારી અભિવ્યક્તિ હોઈ શકે છે, પણ એ ગાળના જવાબમાં પ્રતિકાર રૂપે શું કરવું એ અંગે સામાવાળા પાસે પણ અમુક તમુક સ્વતંત્રતાઓ પડી છે. એ સામાવાળાના સ્વભાવ અને તાકાત ઉપર નિર્ભર કરે છે. એ માથાભારે હોય તો ચાકુ હુલાવી શકે છે, અલબત કાયદાનુસાર એ તેમ નથી કરી શકતો, એ સ્વતંત્રતા નથી, જેમ ગાળ દેવી એ પણ અભિવ્યક્તિની સ્વતંત્રતા નથી. એક ગાલ પર તમાચો પડે ત્યારે બીજો ધરવો એ તો ગાંધીયુગમાં પણ શક્ય નહોતું. માનવજાત એટલી સહિષ્ણુ ક્યારેય હતી જ નહિ. એ બધી કિતાબી સલાહો છે. દેશનું સાર્વભૌમ અને નાગરિકનું સન્માન જળવાઈ રહેવું જરૂરી છે. સરકારી ગ્રાન્ટ પર ચાલતી કોઈ યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ કોઈ રાજકીય વિચારધારાથી પ્રેરાઈ કે કોઈ રાજકીય પક્ષનું પીઠબળ પામીને કાશ્મીરને ભારતથી આઝાદ કરવાના નારાઓ પોકારવા એ અભિવ્યક્તિની આઝાદીમાં ખપાવતા હોય તો એમનો એ ભ્રમ દૂર થવો જરૂરી છે. રાજકીય પક્ષના નેતાઓ અને ફિલ્મી નટ નટીઓ એમના સમર્થનમાં ઉતરી ગયા હતા, પ્રજાએ નેતાને વોટમાં અને નટ નટીઓને નોટમાં પોતાની નારાજગી અભિવ્યક્ત કરી દીધી છે. સરકારની એ ફરજ છે કે આવી આઝાદી માંગતા ફરતાઓની માંગને પોતાના સલીકાથી પૂરી કરવી. સરકારે એ સમયે એ કર્યું. ત્યારબાદ કોઈ સરકારી ખર્ચે આધેડ વય સુધી હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીએ આવી આઝાદી માંગી હોય એવું જાણ્યું નથી. કોઈ પોતાના રોટલા રળવા બીજાને ગાળો આપે તો ક્યારેક એવી પરિસ્થિતિનો સામનો પણ કરવો પડે કે રોટલા રઝળી પણ પડે. આજે હિન્દુસ્તાનમાં એક વર્ગ જે પોતાને સ્ટેન્ડ અપ કોમેડિયન કહે છે, બજારમાં પોતાનું પેટીયું રળવા નીકળી પડ્યો છે. હાથમાં એક છ ઈંચનું રીમોટ સંચાલિત માઈક લઈને એ એવું ધારે છે કે અહિયાં ઉભા રહીને દુનિયામાં કોઈને પણ ગાળો આપી શકાય છે. હિંદુ દેવી દેવતાઓનું અપમાન, પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું ચારિત્ર્ય હનન, બિભત્સ ભાષા પ્રયોગ થકી છીછરું મનોરંજન પીરસીને પૈસા કમાઈ શકાય છે, એવું એ માની રહ્યા છે. પોતાની કળામાંથી જો ઉપરના ત્રણ કન્ટેન્ટ બાદ કરી નાખે તો રજૂ કરવા માટે તેમની પાસે કાઈ પણ નથી. તેલના ખાલી ડબ્બાની જેમ ખખડવા લાગે. આ લોકોને ડિફેન્ડ કરતો બીજો એક વર્ગ છે. જે આમના સમર્થનમાં ઉભો હોય છે. એ લેખકો, પત્રકારો, નેતાઓ અને કહેવાતા બૌદ્ધિકોનો વર્ગ છે. આ જોકરોએ બોલેલું એ બે ભાગમાં વહેચી નાખે છે. જેના વિશે બોલાયું છે એ વ્યક્તિઓના પસંદ અને નાપસંદ એમ બે કાટલાં રાખે છે. એક જ શબ્દ જો પસંદગીની વ્યક્તિ વિશે બોલાયો હોય તો અલગ અર્થ છે અને નાપસંદ વ્યક્તિ અંગે બોલાયો હોય તો અલગ અર્થ છે. આમને દોગલા કહેવામાં છે. પોતે પાળેલા ભ્રમ અને માન્યતાઓ બધી જગ્યાએ ઘુસાડવા મથતી આ નિષ્ફળ જીવાતો છે. એક ઘટનાને મૂલવવા એમની પાસે શૌર્યગીતો છે, અને મરશીયા પણ છે. આ બધા મીર્ઝાપુરી લોટાઓ છે જેને સ્થિર ઉભું રહી શકાય એવું તળિયું નથી હોતું. લાગ જોઈને ઢાળ બાજુ નમી પડે છે. કામરા એક ઉદાહરણ છે, સપાટી પર આવી ગયેલી છટપટાહટ માત્ર છે. નીચે એક આખી ઈકો સિસ્ટમ આ પીડામાં ખદબદી રહી છે. મોટાભાગના સ્ટેન્ડઅપ કોમેડિયનો પોતાને નહીં ગમતી વિચારધારાની વ્યક્તિઓ અને ધર્મ માટે વિકૃત મજાક કરતા રહે છે અને અભિવ્યક્તિ સ્વતંત્રતાના નામે એમને છાવરવામાં પણ આવે છે. પોતાનું અસ્તિત્વ બચાવવા હવાતિયા મારતા વામપંથી વિચારધારા ગ્રસ્ત જંતુઓ, અસફળ રાજનેતાઓ, સફળતા મેળવીને છકી ગયેલા અભિનેતાઓ જેવા અનેક વર્ગની જીંદગી ૨૦૧૪ બાદ ખરાબે ચઢી ગઈ છે. કટાક્ષ કોને કહેવાય ? આ પ્રજાએ કદાચ કાર્ટુનીસ્ટ આર.કે. લક્ષ્મણનું નામ પણ નહિ સાંભળ્યું હોય. એમની આખી કારકિર્દી સરકાર અને નેતાઓ પર કટાક્ષના કાર્ટુન બનાવવા પર નિર્ભર હતી. એમનો સમકાલીન કોઈ એવો નેતા નહોતો જે આર.કે. લક્ષ્મણની અડફેટે ન આવ્યો હોય. પણ જે ઔચિત્યની રેખા હતી, એ એમણે ક્યારેય ઓળંગી નહોતી. આખો દેશ અને નેતાઓ પણ એમના કાર્ટુનની રાહ જોતા. કળા ગમે તે ઉંચાઈની હોય, મર્યાદાનું આભૂષણ જરૂરી છે. પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ આખી જિંદગી સ્વસ્થ અને નિર્દોષ હાસ્ય પીરસતા રહ્યા છે, એમણે એક વખત કહેલું કે કદરદાન નહિ મળે તો સ્ટેજ પરથી માનભેર નીચે ઉતરી જઈશ, પણ કક્ષાથી ક્યારેય નીચે નહિ ઉતરું. ક્વિક નોટ – એકવાર હું મારું કામ કરું પછી એના ભવિષ્ય વિષે વિચાર કરતો નથી. મારા ગયા પછી મારું બધું જ સર્જન લઈને કાવેરી નદીમાં ફેંકી દેજો મને વાંધો નથી. – આર. કે. લક્ષ્મણ ■

production@infiniumpharmachem.com

# ખાડા અને ખાબોચિયામાં શું તફાવત ?

હાસ્યાય નમઃ
ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩



(૧) જૂનો થાય નહીં, ભીનો થાય નહીં, કપાય નહીં એ શું ?

ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)

હું પ્રધાનમંત્રી બનું ત્યારે તમને ઉખાણામંત્રી બનાવવા છે!

(૨) લગ્નમાં જમવા જાય ત્યારે બધા ધક્કામુક્કી કેમ કરતાં હશે?

કટારીયા આશા હિમ્મતભાઇ (કીડી)

કસરત થાય તો વધારે ભૂખ લાગે.

(૩) તમે ક્યાંય જમવા જાઓ ત્યારે સૂપ પીવો?

ઉન્નતિ મહેતા (રાજકોટ)

ના, સૂપ પીઉં તો મારી ભૂખ જતી રહે છે.

(૪) સાહેબ..! તમને ગુસ્સો ક્યારે આવે?

ધોરાજીયા ઘનશ્યામભાઈ એન. (સાજણટીંબા)

અત્યારે ચાલુ જ છે.

(૫) સાચો પ્રેમ કઈ ઉંમરે થાય?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા )

ખોટા પ્રેમની ઉંમર પૂરી થાય એના બીજા દિવસથી.

(૬) ગ્રાહક વેપારીને બોણીમાં રોકડા રૂપિયા આપે ત્યારે ચલણી નોટને બન્ને આંખે -મોઢે -છાતીએ અડાડીને વંદનપૂર્વક રૂપિયા ગલ્લામાં મૂકે છે; ઓનલાઈન ટ્રાન્સફર કરે ત્યારે શું કરવાનું ? - કનુભાઈ પરમાર (દામનગર)

એ જાણવા માટે તમે મને એક હજાર રૂપિયા ઓનલાઈન મોકલો. હું જે કરીશ એનો ફોટો પાડી ને તમને મોકલીશ.

(૭) IPL શરૂ થઈ ગઈ છે તમે મેચ જોવા માટે જવાના હો તો તમારા વાચકોને લઈ જશો?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

હું તો વાચકો વચ્ચે ક્રિકેટ મેચ ગોઠવી એમાં આઈ.પી. એલ. વાળા ખેલાડીઓને મેચ જોવા બોલાવવા માગું છું.

(૮) "હરિ એ જ વિષ્ણુ"...હરિ જેનું નામ હોય એનું નામ લઈને બોલાવે એનું તો કલ્યાણ થઈ જતું હશે ને?

હરિભાઈ ધોરાજિયા (લીલીયા મોટા)

પ્રશ્ન એ છે કે હરિ જેનું નામ હોય એણે કોનું નામ લેવું? કલ્યાણનું?!

(૯) પ્રેમીને ચાંદમાં જ પ્રેમિકાનું મુખ દેખાય છે, સૂર્યમાં કેમ નહિ?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

ચંદ્ર બિચારો વિરોધ ન કરે એટલે. સૂર્યનું નામ લેય તો એ ભૂક્કા કાઢી નાખે.

(૧૦) આ વેકેશનમાં ફરવા જવા અંગે શું વિચારો છો?

જય દવે (ભાવનગર)

દર વખતની જેમ આ વખતે પણ અમેરિકા, યુરોપ વગેરે સ્થળોએ જવાની ઈચ્છા નથી.

(૧૧) લેખકને પ્રેમિકા છે કે હતી ?

હરપાલસિંહ સોલંકી (કંબોઇ ચાણસ્મા)

હશે.

(૧૨) પાંચ વાગે એટલે બધી ઘડિયાળમાં પાંચ વાગ્યા એમ જ બતાવે છે. ઘડિયાળને એ કેમ ખબર પડી જતી હશે?

રમાબેન પટેલ (અમદાવાદ)

રોજની ટેવ હોય એટલે ન વાંધો આવે.

(૧૩) ફ્રીજ ગરમ થઈ જાય છે તો શું કરવું?

દર્શન પટેલ (વડોદરા)

બરફમાં મૂકો.

(૧૪) ટ્રેનને પાટા પરથી ઉતરી સડક પર ચાલવાનું મન નહી થતું હોય?

નીરવ ડણાંક (અમરેલી)

ટ્રેન ગયા જન્મમાં રોડ પર ચાલતું વાહન જ હતી. ખાડા પર ચાલીને કંટાળીને જ એણે ટ્રેન તરીકે જન્મ લીધો.

(૧૫) ખાડા અને ખાબોચિયામાં શું તફાવત?

પાર્થ દવે (અમદાવાદ)

ખાડો એ ભૂતપૂર્વ ખાબોચિયું છે અને ખાબોચિયું એ ભાવિ ખાડો છે. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# અહંકારની ટક્કર છતાંય પિતાનું હૈયું પુત્ર માટે સદાય હેતાળ હોય છે



આજકાલ બાળકો માટે એનો પિતા દુર્લભ થઈ ગયો છે. એનું સર્વસામાન્ય કારણ એ છે કે પિતા ઘરનું અર્થતંત્ર ચલાવવા માટે રઝળપાટ કરી રહ્યો છે. એણે ચાર છેડા ભેગા કરવાના છે. સમસ્યા એ છે કે જેઓ શ્રીમંત છે તેઓને તેમની શ્રીમંતાઈને જાળવવાના એટલા કામ છે કે બાળકોને સમય આપી શકતા નથી અને જેઓ શ્રીમંત નથી, જેમાં બહુ મોટો સમુદાય આવે છે, તેઓ શ્રીમંત થવામાં એટલો બધો સમય આપી રહ્યા છે કે તેઓ પણ તેમના બાળકોથી લગભગ વિખૂટા પડી ગયા જેવી વાત છે. મુંબઈમાં તો જાણીતી હકીકત છે કે અનેક લોકો પપ્પાને માત્ર રવિવારે જોઈ શકે છે. કારણ કે બાળકો સવારે ઊઠે એ પહેલા ટિફિન લઈને ગૃહસ્થ રોજીરોટી માટે નીકળી જાય છે અને જ્યારે પાછા ફરે ત્યારે બાળકો જંપી ગયા હોય છે. દેશમાં રાજસ્થાન, પંજાબ અને બિહારના અનેક લોકો પોતાના બાળકોને અને અન્ય પરિજનોને વતનમાં મૂકીને બીજા રાજ્યોમાં રોજીરોટી રળવા જાય છે.

આ મહાનગરોની વિષમતા છે. એ પેઢી બહુ ભાગ્યશાળી છે જે આવતા પચાસ વર્ષમાં વિદાય લેવાની છે. જેમને તેમના બાળપણમાં સતત માતા-પિતાની છત્રછાયા પ્રાપ્ત થઈ. પછી ભલે સંયુક્તમાં રહ્યા કે વિભક્તમાં. દેશ-દેશાવર ગયા કે વેપારધંધા એમને ક્યાંક લઈ ગયા. પરંતુ શિશુકાળે તો ઘટાટોપ વડલાનું છત્ર એમને મળ્યું. પિતા પણ મળ્યા, દાદા પણ મળ્યા અને કેટલાકને તો વડદાદા પણ મળ્યા ! આવનારા દિવસોમાં આ બધા તો કલ્પનાનો વિષય બની જશે. દીકરા અને દીકરી બંનેને પિતાની જરૂર હોય છે. આપણો દેશ પ્રાચીન કાળથી માતૃપૂજક રહ્યો છે. માતૃ ભક્તિ પણ બહુ છે અને સમાજમાં માતા વિશેની મહિમાવંત ચર્ચા પણ ઘણી છે. માતાઓના યશોગાનથી ગ્રંથાલયો છલકાયેલા છે. એ સાચી સ્નેહ રીતિ છે પરંતુ એમ કરવામાં પિતા સાવ અભરાઈએ ન મૂકાઈ જાય એ પણ સમાજે જોવું રહ્યું.

મા તે મા બીજા બધા વગડાના વા...એમ કહેવાય છે. જૂના જમાનામાં કહેવત હતી કે ઘોડે ચડતો બાપ મરજો... પણ દળણા દળતી મા ન મરજો..! ક્યારેક એવું લાગે છે કે માતૃ મહિમાની અતિશયોક્તિમાં આપણે પિતાનો મહિમા વીસરી ગયા છીએ. અને આજકાલ તો સંતાનો મોટા થયા પછી તેમની માતાના એવા એડવોકેટ બની જાય છે કે પિતાએ ઘરમાં આવ્યા પછી બહુ વિચાર કરીને બોલવાનું રહે છે. નહિતર એકસાથે લાંબુ આરોપનામું ઘડાઈ જાય છે. એવું નથી કે દરેક પિતા મહાન જ હોય. પરંતુ ઘરમાં જ ઘરના મોભી વિરુદ્ધ અદાલતો ભરવી એ એક સંકટ છે. એ ક્લેશ છે અને અધિક કલેશને લઈ આવે છે. જે પરિવારમાં સંતાનોનો ઉછેર સંભાળપૂર્વક થતો હોય અને સંતાનોના દુરુપયોગથી કુટુંબ અને ગૃહિણી પતિ સામે તોહમતનામું ઘડતા ન હોય તે જ પરિવારોમાં સુખ નિરંતર રહે છે.

ગૃહિણીને એ તો બહુ મોડી ખબર પડે છે કે બાળકો પંખીઓની જેમ ઉડી જવાના છે અને છેવટે તો એક રાજા હતો એક રાણી હતી... એ વાર્તા જ રહેવાની છે. જે બાળકોને પિતાનો પૂરતો સમય પ્રાપ્ત થતો નથી એટલે કે પિતાના હાથે, થોડાક આકરા પાણીએ તેનું ઘડતર થતું નથી તે સંતાનો આ સંસારને પાર કરવામાં બહુ પાછા પડે છે. પિતાનો સ્વભાવ તીખો હોય છે. આકરો હોય કે ઉતાવળો પણ હોય છે. કારણ કે એણે આખા બાહ્ય જગત સાથે કામ પાડવાનું છે. માતા સદાય મૃદુનિ કુસુમાદપિ એટલે કે ફૂલો કરતાંય કોમળ હોય છે. પિતા વજ્રાદપિ કઠોરરાણિ એટલે કે વજ્ર કરતાં પણ કઠોર હોય છે. પિતાનું માર્ગદર્શન જો સંતાનોને પૂરતું મળે તો એમને જિંદગીમાં કોઈ દિવસ તડકો લાગતો નથી. એમના જીવનમાં સંતોષની આભા હોય છે. પરિશ્રમ અને પુરુષાર્થની પ્રચંડ તમન્ના હોય છે. તેઓ કદી થાકતા જ નથી કારણ કે પિતાને એમણે સતત અણથક કામ કરતા જોયા છે.

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

સંસારના ગમે તેવા ભીષણ ઝંઝાવાતોમાં પણ એને જીવનનું મૂલ્ય સમજાય છે. પિતાનો અર્થ છે કે કાલે સોનાનો સૂરજ ઉગશે. પિતા બહુ શ્રદ્ધાવાન હોય છે અને એમને પોતાના સંતાનોમાં બહુ જ આશા હોય છે. પરંતુ એનું લાગણીતંત્ર અભિવ્યક્તિ વિનાનું હોય છે. એટલે બાળકોનો ઝુકાવ સતત લાગણી વ્યક્ત કરતી માતા તરફ વધારે રહે છે. આવનારા સમયમાં યુવક-યુવતીઓનો એક એવો વિરાટ કાફલો સમાજમાં જોવા મળશે જે એની માતાના હાથે બહુ કોમળતાથી ઘડાયેલો હશે. એમને માટે જિંદગીમાં વારંવાર પ્રાપ્ત થતી નિષ્ફળતાઓ, વિશ્વાસઘાત, દગાબાજી અને ઘોર આર્થિક નુકસાન સામે ટકી રહેવાનું મુશ્કેલ બનશે. કારણ કે સ્ત્રી સ્વભાવની કોમળતા એમના વ્યક્તિત્વનું પ્રધાન લક્ષણ હશે અને જે સંતાનો તેના પિતાની સીધી નજરમાં મોટા થયા હશે અને પિતાએ પાંચ કામ પડતા મૂકીને સંતાનો સામે સદાય કડવા અને આકરા થવાનું વલણ હશે તે સંતાનો આ સંસારને હસતા રમતા પાર કરી જશે.


કેટલાક સંતાનો તેમના પિતા સાથે અહંકારને ટકરાવી બેસે છે. પિતા અને પુત્ર વચ્ચે અહંકારની ટક્કર થવી સ્વાભાવિક અને કુદરતી છે. પરંતુ એમાં પોતાના પુત્રના વ્યક્તિત્વમાં જવાબદાર મનુષ્ય તરીકે વિકસતા જતા સકારાત્મક સ્વાભિમાનને જે પિતા પુષ્ટિ ન આપે તે તેની મૂર્ખતા છે. પુત્ર જ્યારે ચડતી કળાનો ચંદ્ર હોય ત્યારે એ ચંદ્રની બંને ધાર તીક્ષ્ણ હોય છે અને દર મહિને આકાશમાં અજવાળિયાના પખવાડિયા દરમિયાન કુદરત આ બોધ આપણને આપે છે. વિકસતા ચંદ્રની બંને તીક્ષ્ણ ધાર ક્યારેક પોતાને વાગે પણ ખરી. પરંતુ એવા પ્રસંગે ઘરમાં ધોધની જેમ ઉપદેશ વહેતા કરવાને બદલે દીકરાની વાતને એક નાજુક વળાંક આપવાની કળા ઘરના મોભીમાં હોવી જોઈએ. કારણ કે સંતાનો આખરે તો માતા-પિતાનું જ એક સંયુક્ત વિકસિત સ્વરૂપ છે. એનો પ્રતિક્ષણ આનંદ જ હોવો જોઈએ. એમાં કદાચ જમાના પ્રમાણેનો વિચારભેદ હોઈ શકે છે, પરંતુ મનભેદ ન હોવો જોઈએ. ઉદ્યોગગૃહોમાં અને અનેક પરિવારોમાં આપણે પિતા-પુત્ર વચ્ચે નું મનોહર ટ્યુનિંગ જોયેલું છે તો એની સામે પિતા અને પુત્ર વચ્ચે ક્યાંક ક્યાંક અભિમાન પ્રવેશી ગયું હોવાનું પણ જોવા મળે છે.

નવયુવાન પુત્રની જિંદગી હવે સ્પર્ધાત્મક બની ગઈ છે. એને વારંવાર નિષ્ફળતા પછી સફળતા મળવાની હોય છે. છેલ્લી સફળતા સુધી એનો આત્મવિશ્વાસ ટકાવી રાખવો એ પરિવારની જવાબદારી છે. કેટલાક પિતા મહોદયો તો એમ કહેવા તૈયાર જ હોય છે કે તમારી જેવા રખડુ કદી સરકારી પરીક્ષામાં પાસ થાય તો આ સરકાર ચાલે કેમની હેં ? સંતાનોને નિરુત્સાહ કરવાનું પાપ પિતાએ ન કરવું. આપી શકાય તો પ્રોત્સાહન આપવું નહિતર ચૂપ રહેવું. સરકારી નોકરીઓમાં ઉમેદવારો ત્રીજા કે ચોથા પ્રયત્ને પણ થાકતા નથી ને છેવટે પાસ થઈને જ રહે છે. યુવાનોના આત્મવિશ્વાસમાં કંઈ ઘટતું નથી. પરંતુ એને બેસાડી રાખવા ને પછાડવા ચાહતા લોકોની એક ફોઝ આપણા સમાજમાં અસ્તિત્વમાં આવેલી છે. આવા સંયોગોમાં એક જ અડીખમ - અવિચળ એક પિતા જ એવા છે જે સતત કહે છે કે ચિંતા ન કરતો બેટા, હું બેઠો છું ને !

**કહેવત હતી કે ઘોડે ચડતો બાપ મરજો... પણ દળણા દળતી મા ન મરજો..! ક્યારેક એવું લાગે છે કે માતૃ મહિમાની અતિશયોક્તિમાં આપણે પિતાનો મહિમા વીસરી ગયા છીએ....!**

પુત્રની કમાણીનો પહેલો રૂપિયો જ્યારે પિતાના હાથમાં આવે છે ત્યારે એના આનંદનો કોઈ પાર રહેતો નથી. દરેક પુત્રની ફરજ છે કે ઓછું કમાતા હોઈએ તો ઓછું, મુઠીમાંથી ચપટીક તો ચપટીક પણ બાપની હથેળીમાં કંકુચોખાની જેમ મૂકતા રહેવું. અવસ્થાએ પોતાના મોભારે નજર નાંખીને એને કંઈ ઘટ ન પડવા દે ઈ તો દેવ જેવા દીકરા કહેવાય. ભલે ને કળજુગ હોય તોય દ્વારિકાધીશને મંદિરિયે અને સોમનાથના કિનારે આજેય અનેક વ્હીલચેર જોવા મળે છે ને દરરોજ જોવા મળે છે એ હજુ આ વસુંધરાના વહેણ સૂકાયા નથી એની ખાતરી આપે છે અને માબાપને ઘેર મૂકીને ભગવાન પાસે દોડ્યા આવતા અન્ય દીકરાઓને બોધ આપે છે. ■

# શેરને માથે સવા શેર



"તમે ભોળા નથી પણ મૂરખ છો મૂરખ ! દુનિયા તમારો તોલો કરી જાય તોય તમને ખબર પડતી જ નથી. કયાં સુધી આવા બુધ્ધિના લઠ્ઠ રહેશો ?'' ભોળિયા ભરતને તેની પત્ની ભારતી તતડાવતી હતી : '' એક આ તમારો ભાઇબંધ મનસુખ કોણ જાણે અહીંયા શું હમિયાણી ભાળી ગયો છે તે ખબર જ પડતી નથી. હવે તો એક રૂપિયાનીય હા પાડી છે ને તો હું એને ચોખ્ખે ચોખ્ખું કહી દેવાની છું કે અહીંયા તમારી જેમ સો વીઘાના ખાતેદાર નથી જે કંઇ ગણો એ સહકારી મંડળીની કારકૂનની નોકરીના પગારની આવક છે. માંડ માંડ બે છેડા ભેગા કરવાની મથામણ કરતા હોઇએ ત્યાં તમારો એક હવાલો ખાઇ જેવડો ખાડો કરી જાય છે એ ખાડો બૂરવા માટે કેડયે વળ આવી જાય છે ! ''ભલે પછી ગામડે બાની સારસંભાળ રાખે કે ન રાખે છેવટ બાકી બાને અહીંયા લઇ આવીશું પણ એને કહી દેજો કે એ આપણી પાસે એક નયો પૈસો પણ ઊછીનો માગે નહીં !! '' વાત કંઇ આજકાલની નહોતી પણ મનસુખ જે દિ'નો ભીંગરાડ છોડીને સુરત - ભરતની પડખેના ફ્લેટમાં રહેવા આવ્યો તે દિ'ની છે. ગામડે રહેલી ભાઇયુ ભાગની વિઘાની વાડીને ભાગિયાને ભરોસે મૂકી હૂતોહૂતી હીરાનું કારખાનું કરી કરોડપતિ બનવાના સપનાં લઇને આવ્યા હતા. પણ એમ કાંઇ કરોડપતિ થઇ જવાતું હોય તો તો સૌ કોઇ ગામડાં છોડી છોડીને સુરત જ પધારી ગયા હોત પણ મૂળ ઘોંચપરોણો મનસુખની વહુ કૈલાસનો ! એના દેરિયા - જેઠિયા બધા જ સુરત સેટ થઇ ગયા હતા અને જયારે જયારે કામ પ્રસંગે કે દિવાળીએ વતનમાં આવતા ત્યારે નવી નક્કોર મોટરકાર લઇને આવતા. એને જોઇને આભી બની જતી એટલે કોઇપણ પ્રયોજન વગર ભરતની બાજુમાં જ મહિને દસ હજારના ભાડે ફ્લેટ રાખ્યો અને ખેતીની રળેલી કમાણીમાંથી કારખાનું કર્યું અને જેવો પહેલા મહિનો પૂરો થયો અને મકાનમાલિક ભાડું લેવા આવ્યા ત્યારે પોતે તો ઠનઠનગોપાલ હતો ! તે દિવસ હજી ચા-પાણી પીને ભરત બેઠો જ હતો અને મનસુખ મકાનમાલિકને લઇને ભરત પાસે આવ્યો : ''ભરત, અત્યારે દસનો જોગ કરી દે મારે આમને આપવાના છે. હું કાલે તને આપી દઇશ !!'' હવે આખર તારીખમાં ભરત જેવા પચ્ચીસ હજારની નોકરી કરતા માણસ પાસે કયાંથી નીકળે ? છતાં પણ, ખાંખાખોળા કરીને છ એક જેવા ભેગા કર્યા અને ચારેક જેવા ભારતી પાસે પડયા હતા તે આપ્યા. આપ્યા એ આપ્યા, પછી મનસુખ કયાં છૂમંતર થઇ ગયો એ ખબર જ ન પડી. ભારતી એકવાર તો તેના ઘેરે' ય જઇ આવી. એ તો મનસુખનો પતો પૂછયો ત્યારે કૈલાસ કહે કે ગામડે ગયા છે. ગામડેથી અઠવાડિયે આવ્યો ત્યારે દસની, વીસની, પચીસની અને સોની એમ ચુંથાઇ ગયેલી નોટ સાથે પાછા તો આપ્યા તોય એમાં ચારસો ઓછા હતા. ભારતીને તો ત્યારે જ બરાબરની ખીજ ચડી ગયેલી પણ શું કરે ? ગામડે રહેતા પોતાના સાસુ રમાબાનું અહીંયા સુરતમાં રહેવું ફાવતું નહોતું અને ત્યાં મનસુખ અને તેનો પરિવાર, સાસુનું ધ્યાન રાખતા. આ એટલો ઉપકાર ચડેલો હતો. પણ ફરીને એકવાર કરિયાણાનો વેપારી ભીંસ કરવા માંડયો ત્યારે આઠ હજાર ભરત પાસેથી જ માંગી ગયેલો તે તપાસ કરવા ભારતી એના ઘરે ગઇ ત્યારે રસોડામાં તો સીંગતેલના ત્રણ ત્રણ ડબ્બા પડયા હતા. ઘરે આવીને ભારતીએ તરત જ ભરતને કહ્યું : ''આપણે તો કપાસિયાનું તેલ પણ ચાલે પણ તમારા ભાઇબંધ લાટ સાહેબને તો સીંગતેલ સિવાય ફાવતું જ નથી. આજે હું એમના ઘરે ગઇ ત્યારે એમનું રસોડું તો ઘરવખરીથી હાંફતું હતું !!

જવાબમાં ભરતે તેને વારી : હશે, જે કંઇ હોય એ જવા દે, આપણે આપણાં ભાણાંનું કરવું. બીજા જે કરે એ એમને મુબારક !'' પણ ભારતીનું મન સ્વીકારી શકતું નહોતું. લગભગ બે'ક મહિના નીકળી ગયા. એક સાંજે મનસુખનો ફોન આવ્યો. ભરતે હસીને કહ્યું : ''યાર, ભાઇબંધ કયાં ખોવાઇ ગયો હતો ? આમ તો મારી ઉપરના જ ફ્લેટમાં રહે છે પણ કયારેય ડોકાતો'ય નથી.'' જવાબમાં મનસુખ કટાક્ષ ભર્યું હસ્યો : ''પહેલા ભારતીભાભીને પૂછજે. એમને ગમતું નથી. બાકી મેં કોઇ દિ' વારો-તારો નથી રાખ્યો. તારી બાને મેં મારી સગી બા માની છે પણ ભારતીભાભીને એનો ગણ નથી. ગયા અઠવાડિયે હું ગામડે ગયો હતો ત્યારે તારા બાને ઝાડા ઉલટી થઇ ગયેલા. હું ત્રિકમભાઇનો ટેમ્પો લઇ તાબડતોબ લાઠી ડોકટર પાસે લઇ ગયો હતો આખી રાત રાખ્યા, ને ડોકટરે ચાર બાટલા ચડાવ્યા ત્યારે સારૂ થયું પણ તને ખબરે'ય પડવા દીધી નથી.'' ''હે ?'' હિસાબના ચોપડા લખતા ભરતના હાથમાં પેન ઠરી રહી ગઇ : '' મનસુખ, તું શું બોલે છે ?''

વાર્તા વિશ્વ
યોગેશ પંડયા

''ખોટું હોય તો સરપંચને ફોન કરીને પૂછ, પૂછ ત્રિકમભાઇ ટેમ્પાવાળાને ખોટું બોલતો હોઉં તો મારૂ મોઢું ને તારૂં ખાહડું !! પણના મેં તને એટલે નહોતું કીધું કે તારે દોડાદોડી થઇ જાય. હું તો ત્યાં જ હતો, રમા બાને એક નહીં, પણ બે દીકરા છે. એક તું, એક હું !!'' અને ભરતની આંખમાંથી આંસુની ધારા વહી નીકળી, એ એટલું જ બોલી શકયો : ''મ...ન... સુ...ખ... સોરી થેન્કયું..

''હા, ભરત આ તો તે કહ્યું એટલે ફોડ પાડયો બાકી તો '' મનસુખે ફોનમાં આગળ જણાવ્યું : ''એક કામ પડયું હતું તારૂં...''

''બોલને ભાઇ...'' આંસુ લૂછતા ભરતે લાગણીવશ થઇ જતા કહ્યું. સામે છેડે મનસુખે ખૂબ જ સંયમતાથી વાત આગળ વધારી : ''ભરત ભાયું ભાગની જમીનની ઉપજમાંથી મેં હીરાનું કારખાનું કર્યું પણ મંદુ ફાટી નીકળ્યુ છે. કમાણો એના કરતા ડબલ તો રોકાણ થઇ ગયું. મારી-તારી જેવા પાસેથી ઉછીના-પાછીના કરીને ગાડું રોડવ્યું પણ હવે ધંધો ફેરવું છું. તૈયાર કપડા બનાવવામાં સારૂ છે. હુંને મારો સાઢું ! સંચા લાવીને વર્કશોપ કરવાના છીએ પણ પાંચેક લાખનું રોકાણ છે..''

મનસુખ અટકયો પછી બોલ્યો : '' તું શરાફી મંડળીમાં નોકરી કરે છે તો તારા નામે મને પાંચની લોન લઇ દે, મને ખબર છે કે મંડળીનું વ્યાજ વાર્ષિક બાર ટકા છે પણ હું તને અઢાર ટકા આપીશ. આમાં બે રૂપિયાનો ફાયદો તને ય થશે. બાકી, તારી પચ્ચીસ હજારની નોકરીમાં તાજિયા ટાઢા નહીં થાય. સમજયો ? '' મનસુખ લાંબી અને ચોક્કસ ગણતરીથી બોલતો હતો : '' અને પાર્ટનરશિપ કરવી હોય તોય મને વાંધો નથી. સારું એ તારૂં બોલ.'' ભરતને બંધ આંખો આગળ શિવાની અને શિવમનું ઊજળું ભવિષ્ય દેખાવા માંડયું અને સપનું જોવું તો કોને નથી ગમતું ? બેય જોડિયા બાળકોને હજી ભણાવવાના હતા. ''પણ પાર્ટનરશિપ ન કરાય.'' ભરતે મનમાં જ નક્કી કરી લીધું : ''દોઢ ટકે વ્યાજે રૂપિયાનો દોઢ રૂપિયો આવે એટલું પૂરતું છે !! '' તેણે હા પાડી દીધી પણ મનસુખે શરત મૂકી : ''પણ મહેરબાની કરીને આ વાત ભારતીભાભીને કયારેય કરવાની નહીં. હું પણ કૈલાસને નહીં કરૂ એ મારૂં પ્રોમિસ ? કબૂલ મંજૂર હોય તો જ આગળ વધીએ..'' જવાબમાં ભરતે લીલીઝંડી બતાવી. મહિનામાં લોન પાસ થઇ ગઇ અને પાંચ લાખ ભરતે મનસુખને આપીય દીધા.

શરત મુજબ હપ્તાની રકમ સાથે દોઢું વ્યાજ... એ મુજબ મનસુખે પહેલાં જ મહિને હપ્તો પહોંચાડી દીધો. ભરતે વિચાર્યું : આવો રસ્તો તો પહેલાથી લેવાની જરૂર હતી. બીજો, ત્રીજો અને ચોથો. ચારેય મહિના નિયમિત હપ્તા આવતા રહ્યા અને પાંચમા મહિનાથી રામકહાણી શરૂ થઇ. ન મનસુખ આવ્યો, ન ફોન આવ્યો કે ન આવ્યો હપ્તો. પગારમાંથી હપ્તાની રકમ તો કપાઇ ગઇ પણ સામે ખાઇ જેવડી ખાધ પડી ગઇ. હવે ભરત મુંઝાયો એણે મનસુખને ફોન કર્યો. મનસુખે કહ્યું : બે દિવસમાં જ પૈસા મળી જશે. પણ બેના બાર દિ' થયા ભરત ઘાંઘો થયો. મનસુખનો ફોન સ્વિચ ઓફ આવવા લાગ્યો. એક દિવસ અચાનક એ ગામડે જઇ પહોંચ્યો તો મનસુખ તો ત્યાં પણ નહોતો. ભાઇઓએ કહ્યું કે એ તો સુરત છે ! ભાંગેલ પગે તે દિ' સાંજે ઘેર આવ્યો ત્યારે માણસોનું ટોળુ મનસુખના ફ્લેટના દરવાજે હલ્લાબોલ થતું હતું 'મારો', 'પકડો', 'તોડી નાખો', 'હરામી...', 'ચોરનો દીકરો..' ની બૂમો અને મનસુખના ફ્લેટે ધડાધડ પાટા ઝીંકાતા હતા. ''શું થયું ? '' તેણે ભારતીને પૂછયું તો ભારતીએ કટાક્ષમાં કહ્યું : ''તમે કાલે ગામડે ગયા ત્યારથી તમારા ભાઇબંધના લેણિયાતો વારાફરતી આવે છે. ફ્લેટના બારણા તોડી પાડયા છે. અંદર એક સેટી બે ખુરશી અને બારણે લગાડેલું એક તાળુ હતું. બાકી બધુ હરી ઓમ સ્વાહા !!! તમારા ભાઇબંધ લાડીને અને આ બધાની મૂડીને લઇને કયાં છૂમંતર થઇ ગયા રામ જાને !!

''હેં ???'' ભરત આઘાતથી પોટકાં જેમ સોફા ઉપર બેસી પડયો. કપાળે પરસેવો વળી ગયો : ''મારા પાંચ લાખ??''

''ચિંતા ન કરશો...'' ત્યાં જ હાથમાં ઘરેણાંનું બોકસ લઇને ભારતી અંદરથી આવી અને ઘરેણાના બોકસને ખોલતા બોલી : ''મને ખબર પડી ગઇ હતી કે એણે તમને પણ પાંચ લાખમાં આંટી દીધા છે, એટલે તો મારા ભાઇની જાન્હવીના લગ્ન પ્રસંગે કૈલાસભાભી પાસેથી આ ઘરેણાં પહેરવા લેતી આવી હતી એ પાછા આપ્યા જ નહીં. આ અઢી તોલાનો હાર અને ત્રણ તોલાના બે પાટલા !! આજની કિંમતે હિસાબ કરો તો કાંઇ ચિંતા કરવા જેવું નથી સમજયા ? ! પછી હસીને બોલી : હું ભલે ભોળી રહી પણ તમારા જેવી મૂરખ નથી !!'' ભરત, ફાટી આંખે ભારતી સામે તાકી રહ્યો!! ■

# મારો સાચો અને અણમોલ પ્રેમ તો તું જ છે




"ઓહ જ્યોતિ, જ્યોતિ.... ! હવે તું બસ કર. પહેલેથી જ આવી બધી જાણ તારે મને કરવી જોઇતી હતી. હવે મારે શું કરવું ? માની લઉં કે તું ખરેખર સાવ સાચી છે. પરંતુ હવે હું તો કયાંયનો... ન રહ્યો.''

'' જો દામલ, મેં અગાઉ પણ કહ્યું હતું એ તું યાદ કર : મારા ઘરના તમામ સગા-સંબંધીઓ, મા-બાપ, ભાઇ-બહેન કે પછી કોઇની માહિતી મને કયારેય પૂછવી નહીં. આવું મેં તને કહ્યું હતું કે નહીં...?''

''હા... હા.., તેં કહ્યું હતું એ બધું જ સાચું. પણ તારા લગ્ન...'' દામલ આગળ બોલતા અટક્યો. કારણ કે જ્યોતિ વચ્ચે જ બોલવા લાગી : ''મારાં લગ્ન થઇ ગયા હોય તો શું થયું ? એમાં તને શું ફેર પડે કે ફેર પડયો. કોઈ કુંવારી છોકરી જેટલો સાથ ન આપે તેટલો સાથ અને સહકાર તો મેં તને આપ્યો છે. અરે તેના કરતા પણ વધારે ધ્યાન તો મેં તારૂં રાખ્યું છે. મારાં લગ્નને બે વર્ષ ભલે થયા, પરંતુ જે મજા, જે આનંદ અને જે સુખ અને સંતોષ મેં તારામાંથી મેળવ્યો છે તેવો સંતોષ કે તેવી તૃપ્તિ મેં મારા પતિ પાસેથી આજ સુધી મેળવી નથી. તારા શરીરમાંથી, તારા પૂરેપૂરા વિકસિત થયેલા અંગના ધારદાર ધોધમાંથી મેં જે તત્વ મેળવ્યું છે, તેના સોમાં ભાગ જેટલું મારા બે વર્ષના ગાળામાં મેં મારા પતિ પાસેથી નથી મેળવ્યું. બસ..., આટલામાં તું બધું સમજી જા, એટલે તને નિરાંત થાય. એથી તો તારા પ્રત્યે મને અનહદ લાગણી ઉભરે છે અને એના પ્રભાવે ભરપૂર પ્રેમ મળે છે. એમને એમ કંઇ મારૂં આ આખું રૂપાળું શરીર હું તને થોડું આપી દઉં...!

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

''જો દામલ, તને હું સાવ સાચું કહું છું કે, મારે પતિ છે. લગ્ન પછી પત્ની તેના પતિને પરમેશ્વર માની પૂજે છે. પરંતુ... જો બધી રીતે પત્નીને પતિ સંતોષ આપતો હોય તો. કારણ કે સ્ત્રીને ફક્ત પૈસાની કે સારા ઘરની જરૂર નથી હોતી પરંતુ અમુક પ્રકારની ભૂખ સ્ત્રીના શરીરને પણ હોય જ છે. એવી ભૂખ ન સંતોષાય તો... ? પતિને માત્ર પરમેશ્વર કહેવા પૂરતો શબ્દ બની જાય છે. ફક્ત લાગણી દર્શાવતો મંત્ર માત્ર બની જાય છે. હા, મને મારા પતિ પ્રત્યે અનહદ પ્રેમ તો છે જ. પરંતુ આનાથી કંઇક અંશે વિશેષ તો તું છે. મારો સાચો અને અણમોલ પ્રેમ તો તું જ છે. તને તો મેં દિલ ભરીને ખૂબ ખૂબ ચાહ્યો છે, અને હંમેશા ચાહતી રહીશ, એટલે તો મારૂં તમામ જોર, તમામ જોસ, તમામ તાકાત મેં તારી પાછળ સામે ચાલીને દિલથી વાપરી છે. તેથી... અત્યારે હું તને આમ ચિંતિત અને ઉદાસ જોઇ નથી શકતી, પરંતુ શું થાય ? આપણે હવે શું કરી શકીએ ? હું, તું અને મારો પતિ, મને લાગે છે કે આપણાં ત્રણેયની જિંદગી રાખનાં રમકડાં જેવી થઇ ગઇ છે ! તારી સામે હું જરાપણ ખોટું તો નહીં જ બોલું, જે છે તે સત્ય જ છે, અને સત્ય જ હંમેશાં સત્ય રહે છે.'' આટલું બોલી જ્યોતિએ ઊંડો શ્વાસ લીધો. થોડીવાર દામલ સામે એકીટશે તે જોઇ રહી. પછી વળી તેણે બોલવાનું શરૂ કર્યું :

''દામલ..., આજે હવે હું તને મારા છૂપા રાજ વિશે વાત કરૂ છું : મારા લગ્ન રંગેચંગે અતિ ધામધૂમથી થયા. અઢળક ધનનો ખર્ચ થયો. મારો પતિ એટલે કે મારો કંથ વિજય સાવલિયા છે. એ જંગલ ખાતામાં આર.એફ.ઓ. ની પોસ્ટ પર છે. સરકારી નોકરી છે અને પગાર પણ ખૂબ જ સારો છે...'' ત્યાં તો જ્યોતિને આગળ બોલતી અટકાવીને દામલ ઊભો થતાં બોલ્યો : ''હું બાથરૂમ જઇ આવું, પાણી પી લઉં પછી તું તારી વાત આગળ ચલાવજે.''

આટલું બોલી દામલ બાથરૂમ તરફ ચાલ્યો ગયો. જો કે બાથરૂમ જવાનું તો તેનું એક બહાનું માત્ર હતું, હકીકતે તો થોડા સમય પહેલાં તેને એક સપનું આવેલું. એ સપનામાં જ્યોતિની પાછળ સાવ અડકીને એક યુવાન ઉભો હતો. તેણે જંગલ ખાતાના કર્મચારી પહેરે તેવો યુનિફોર્મ પહેરેલો હતો. એ ઊભેલા યુવાનને તેણે સપનામાં જોયો હતો. તેના ઉજળા ચહેરાની સ્પષ્ટ યાદ વધારે તાજા કરવામાં દામલે અત્યારે ખાસ્સો સમય બગાડયો. છતાં એ ચહેરો સાવ સ્પષ્ટ તો ન જ થયો. છેવટે પાણી પી લઇ દામલ વળી પલંગમાં ચડી ગયોને.. અધૂરી વાતને સારી રીતે સાંધતા જ્યોતિ પાછી આગળ બોલી :

''વિજય તેના માતા-પિતાનું એકનું એક સંતાન છે. આખા વિસાવદરમાં કોઇને નહીં હોય તેવો વૈભવશાળી અને અતિ આધુનિક સગવડતાવાળો બંગલો અમારો છે. અમારી નાતમાં મારા પતિનું ભારે પડતું નામ છે ને સાથે માન છે. તેમજ ઇજ્જત છે. એટલું જ નહીં, ગામડે ત્રણસો વીઘા પાણીવાળી જમીન પણ છે. આમ અમારી મિલકતનો તો કોઇ પાર જ નથી. અઢળક સંપત્તિ હોવા છતાં ઘરથી આટલે બધે છેટે, આટલે દૂર એક મામુલી શિક્ષક તરીકેની નોકરી મેં સ્વીકારી, શા માટે... ? તેનું મુખ્ય કારણ પણ મારા પતિદેવ જ છે. તેણે જ મને આ નોકરી સ્વીકારવા આગ્રહ કર્યો. મારૂં આવું કહેવું સાંભળી તને તો ખૂબ જ આશ્ચર્ય થશે. આ વિશે તારે વધુ સાંભળવું છે..? '' જ્યોતિએ દામલનો હાથ દબાવતાં પૂછયું. દામલે તેનું ડોકું હકારમાં હલાવ્યું, વળી પાછી જ્યોતિ બોલવા લાગી. (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઇન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# પશ્ચિમ બંગાળમાં સાંપ્રદાયિક હિંસા : હિન્દુઓના ઘરો, દુકાનો, વાહનોમાં તોડફોડ

માલદા,તા.૨૯



પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાના મોથાબારીમાં થયેલી સાંપ્રદાયિક હિંસા બાદ ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવામાં આવી છે. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ તૈનાત કરવામાં આવી છે. દરમિયાન, હિન્દુઓના ઘરો, દુકાનો અને વાહનો પર તોડફોડ, લૂંટફાટ અને હિંસાના આરોપસર ૩૪ તોફાનીઓની ધરપકડ કરવામાં આવી છે. શુક્રવારે, કોલકાતા હાઈકોર્ટે જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકને ૩ એપ્રિલ સુધીમાં હિંસા પર કાર્યવાહી રિપોર્ટ રજૂ કરવા કહ્યું છે. કોર્ટે કહ્યું કે રાજ્યએ સાવધાની સાથે કામ કરવું જોઈએ. ઉપરાંત, હિંસાથી પ્રભાવિત લોકોના રક્ષણ માટે યોગ્ય પગલાં લેવા જોઈએ. અહેવાલો અનુસાર, ૨૬ માર્ચે આ વિસ્તારમાં મસ્જિદની સામે જુલુસ કાઢવામાં આવ્યા બાદ સાંપ્રદાયિક તણાવ શરૂ થયો હતો. તેના વિરોધમાં, મુસ્લિમ સમુદાયે ૨૭ માર્ચે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ સમય દરમિયાન ટોળાએ હિન્દુઓની દુકાનો, ઘરો અને વાહનો પર હુમલો કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, હાલમાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે.

# સિક્કિમમાં સહકારીતાનું આયોજન: NCUI દ્વારા સહકારીતા સંવર્ધન વિકાસ પરિષદ યોજાઈ

**મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગ અને દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં કૃષિ, બાગાયત અને પ્રવાસન વિકાસ પર ચર્ચા**

અમરેલી, તા.૨૯



સિક્કિમ રાજ્યના પાટનગર ગંગટોકમાં NCUI દ્વારા સહકારીતા સંવર્ધન વિકાસ પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાજ્ય સ્તરીય પરિષદનું ઉદ્‌ઘાટન સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગે કર્યું હતું. પરિષદમાં દિલીપભાઈ સંઘાણી, સિક્કિમના સહકાર મંત્રી અરુણકુમાર ઉપ્રેતિ, ચંદ્રપાલસિંહ યાદવ, સિક્કિમ વિધાનસભાના ઉપાધ્યક્ષા રાજકુમારી થાપા, સિક્કિમ સ્ટેટ કો-ઓપ યુનિયનના અધ્યક્ષ મંગલજીત રાય, સહકારીતા સચિવ ગ્લોરિયા નામચુ અને NCUI ગવર્નિંગ કાઉન્સિલના સભ્યો સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. દિલીપભાઈ સંઘાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, દેશના વિકાસનું મુખ્ય પીઠબળ કૃષિ અને સહકાર છે અને સિક્કિમ જેવા પ્રવાસન ક્ષેત્રના વિકાસમાં સહકાર મહત્વની ભૂમિકા ભજવી શકે છે. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સહકાર મંત્રી અમિત શાહના સહકારી પ્રવૃત્તિને લોકભોગ્ય બનાવવાના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

# બડગામમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં રેલી કાઢનારાઓ સામે કાર્યવાહી

જમ્મુ,તા.૨૯

જમ્મુ અને કાશ્મીરના બડગામ જિલ્લામાં પેલેસ્ટાઈન સમર્થન રેલી દરમિયાન ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા, જેના પગલે પોલીસે આયોજકો અને સહભાગીઓ સામે કેસ નોંધ્યો હતો. રેલીમાં હિઝબુલ્લાહ તરફી નારા પણ લગાવવામાં આવ્યા હતા અને આતંકવાદીઓનો મહિમા કરવામાં આવ્યો હતો. પોલીસે કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડવા અને ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કરવાના આરોપસર કાર્યવાહી કરી છે.

એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, મધ્ય કાશ્મીર જિલ્લાના બીરવાહના સોનપાહ ગામમાં યુમ-એ-કુદ્સ રેલીના આયોજકો અને સહભાગીઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે. યુમ-એ-કુદ્સ અથવા કુદ્સ દિવસને સત્તાવાર રીતે આંતરરાષ્ટ્રીય કુદ્સ દિવસ તરીકે ઓળખવામાં આવે છે. આ વાર્ષિક કાર્યક્રમ રમઝાન મહિનાના છેલ્લા શુક્રવારે પેલેસ્ટિનિયનોને ટેકો આપવા માટે યોજવામાં આવે છે.

# ઉના નગરપાલિકાની વેરા વસુલાત ઝુંબેશ: ૬૦ નળ કનેકશન કાપ્યા, ૫૨ મિલકતો સીલ

**૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં વેરો ભરી દેવા ચીફ ઓફિસરની તાકીદ**

ઉના, તા.૨૯



ઉના નગરપાલિકાએ બાકી વેરાની વસૂલાત માટે કડક ઝુંબેશ શરૂ કરી છે. નગરપાલિકાના ચીફ ઓફિસર જયદેવ ચૌહાણ અને વેરા વસૂલાત વિભાગના સ્ટાફે શહેરમાં બાકી વેરો ન ભરનારાઓ સામે કાર્યવાહી હાથ ધરી છે. આ ઝુંબેશના ભાગરૂપે, નગરપાલિકાએ ૬૦ મિલકતોના નળ કનેક્શન કાપી નાખ્યા છે અને વર્ષોથી વેરો ન ભરનારા ૫૨ આસામીઓની મિલકતો સીલ કરી દીધી છે. નગરપાલિકાએ શહેરી વિસ્તારમાં સમયસર વેરો ન ભરનારા આસામીઓને નોટિસ પણ મોકલી છે. ચીફ ઓફિસર જયદેવ ચૌહાણે ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં બાકી વેરો ભરી દેવા માટે આસામીઓને તાકીદ કરી છે. આ સમયમર્યાદામાં વેરો ન ભરનારાઓ સામે વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે, તેમ નગરપાલિકાએ જણાવ્યું છે.

# જમ્મુ કાશ્મીર સહિત ઉત્તર પશ્ચિમ ભારતમાં તીવ્ર ગરમી વચ્ચે વાવાઝોડા અને કરા પડ્યા

નવીદિલ્હી,તા.૨૯

હવામાનનો મિજાજ ફરી એકવાર બદલાઈ ગયો છે. છેલ્લા બે દિવસથી પડી રહેલી તીવ્ર ગરમી વચ્ચે, ઉત્તરપશ્ચિમ અને મધ્ય ભારતમાં વિવિધ સ્થળોએ તોફાન અને ભારે પવન ફૂંકાયા હતા. કેટલીક જગ્યાએ કરા પણ પડ્યા હતા. ભારે પવનને કારણે શ્રીનગર એરપોર્ટથી ૧૯ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી બે દિવસમાં આ વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં ૨-૫ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બિહારથી ઉત્તર-પૂર્વ આસામ સુધીના નીચલા ઉષ્ણકટિબંધીય ક્ષેત્રમાં એક નીચા દબાણનો વિસ્તાર રચાયો છે. અરુણાચલ પ્રદેશ, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ હળવો વરસાદ અને વાવાઝોડું આવી શકે છે. શ્રીનગર સહિત કાશ્મીરના ઘણા ભાગોમાં થાંભલા અને વાયર તૂટવાથી વીજળી પુરવઠો ખોરવાઈ ગયો હતો. વહીવટીતંત્રે આગામી ૨૪ કલાક દરમિયાન ગાંદરબલ અને કુપવાડા જિલ્લામાં હિમપ્રપાતની આગાહી કરી છે.

# જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં સ્વાગત કાર્યક્રમ યોજાયો

ઉના, તા. ૨૯




જિલ્લાના પ્રજાજનોની સુખાકારી અને તેમના પ્રશ્નોના ઝડપી નિવારણ માટે જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લાકક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. આ સ્વાગત કાર્યક્રમ દરમિયાન અરજદારોએ મફતીયાપરા વિસ્તારના જાહેર રસ્તાની બન્ને બાજુ આવેલા દબાણો દૂર કરવા બાબત, વેલણ સાંથણીમાં ફાળવાયેલ જમીનની માપણી, રેકર્ડમાં ખોટી રીતે નામ રદબાતલ કરવા, તાલાલાના ગીરીનામા ચોક તથા જાહેર રસ્તાઓ પરથી અનધિકૃત દબાણ દૂર કરવા, કેસરીયા ગામે ધણશેર નામે ઓળખાતા રસ્તામાં મેટલ કામ, માપણીની પ્રક્રિયા, કોઈપણ પ્રકારની પરવાનગી લીધા વગર બનાવવામાં આવેલ રસ્તાઓ, ગેરકાયદેસર બાંધકામ, વીજકામ, ગૌચર જમીન પરનું દબાણ દૂર કરવા, જમીનની માપણી, ગેરકાયદેસર બાંધકામ વગેરે જેવા પ્રશ્નોની રજૂઆત કરી હતી. અરજદારોના તમામ પ્રશ્નો અને મુશ્કેલીઓને ધ્યાનથી સાંભળી કલેક્ટરે સંલગ્ન વિભાગના સંબંધિત અધિકારીઓને જરૂરી સમયમર્યાદામાં નિરાકરણ લાવવા સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું.

# મ્યાનમારમાં શક્તિશાળી ભૂકંપ બાદ ભારતે ૧૫ ટન રાહત સામગ્રી મોકલી

નવીદિલ્હી,તા.૨૯



મ્યાનમારમાં શુક્રવારે આવેલા શક્તિશાળી ભૂકંપમાં ભારે નુકસાન થયું છે. આવી સ્થિતિમાં ભારતે મ્યાનમારને ૧૫ ટન રાહત સામગ્રી મદદ તરીકે મોકલી છે. સૂત્રોએ જણાવ્યું કે ભારતીય વાયુસેના સ્ટેશન હિંડનથી ભારતીય વાયુસેનાના વિમાનમાં રાહત સામગ્રી મ્યાનમાર મોકલવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર રાહત પેકેજમાં તંબુ, સ્લીપિંગ બેગ, ધાબળા, ખાવા માટે તૈયાર ખોરાક, વોટર પ્યુરીફાયર, હાઈજીન કીટ, સોલાર લેમ્પ, જનરેટર સેટ અને પેરાસીટામોલ, એન્ટીબાયોટીક્સ, સિરીંજ, ગ્લોવ્સ અને બેન્ડેજ જેવી આવશ્યક વસ્તુઓનો સમાવેશ થાય છે. તમને જણાવી દઈએ કે મ્યાનમારમાં ભૂકંપના અનેક આંચકા અનુભવાયા હતા. તેનાથી માત્ર મ્યાનમારમાં જ નહીં પરંતુ થાઈલેન્ડમાં પણ ઘણું નુકસાન થયું છે. ભૂકંપ બાદ લોકોમાં ગભરાટનો માહોલ છે. મ્યાનમારમાં દિવસભર ભૂકંપના અનેક ઝટકા અનુભવાયા હતા, જ્યારે રાત્રે ૧૧.૫૬ કલાકે ૪.૨ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, આ ભૂકંપની ઊંડાઈ ૧૦ કિલોમીટર હતી, જેના કારણે તેને આફ્ટરશોક્સ માટે સંવેદનશીલ માનવામાં આવે છે.

# અમારા મિત્ર મોદી એક બુદ્ધિશાળી અને મહાન વડાપ્રધાન છે : રાષ્ટ્રપતિ ટ્રમ્પ

ન્યૂયોર્ક,તા.૨૯



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના 'સારા મિત્ર' અને 'ખૂબ જ બુદ્ધિશાળી વ્યક્તિત્વ' ગણાવ્યા છે. આ સાથે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આશા વ્યક્ત કરી કે ભારત અને અમેરિકા વચ્ચેની વેપાર ટેરિફ વાટાઘાટો 'ખૂબ સારા પરિણામો' લાવશે. ભારત અને અન્ય દેશો દ્વારા અમેરિકન માલ પર લાદવામાં આવેલા ઊંચા ટેરિફની ટ્રમ્પની સતત ટીકા વચ્ચે અમેરિકન રાષ્ટ્રપતિની તાજેતરની ટિપ્પણીઓ મહત્વપૂર્ણ છે. "વડાપ્રધાન (નરેન્દ્ર) મોદી તાજેતરમાં અહીં આવ્યા હતા અને અમે હંમેશા ખૂબ સારા મિત્રો રહ્યા છીએ," અમેરિકન રાષ્ટ્રપતિએ વ્હાઈટ હાઉસમાં કહ્યું. ટ્રમ્પે કહ્યું, "ભારત દુનિયામાં સૌથી વધુ ટેરિફ વસૂલતા દેશોમાંનો એક છે." આ ક્રૂર છે, આ ક્રૂર છે. તે ખૂબ જ બુદ્ધિશાળી છે. તેઓ (મોદી) ખૂબ જ બુદ્ધિશાળી માણસ છે અને મારા ખૂબ સારા મિત્ર છે.

# યુએસમાં અનેક દેશોના વિદ્યાર્થીઓને સ્વ-નિકાલ કરવા મોકલાયા ઈ-મેઈલ

વોશિંગ્ટન,તા.૨૯

અનેક દેશોના વિદ્યાર્થીઓને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ તરફથી એક ઈ-મેઈલ મળ્યો હતો જેમાં તેમને સ્વ-નિકાલ કરવા માટે કહેવામાં આવ્યું હતું. માહિતી મુજબ, કેટલાક ભારતીય વિદ્યાર્થીઓને પણ આ ઈ-મેઈલ મળ્યો હોઈ શકે છે, પછી ભલે તેઓ માત્ર સંબંધિત સોશિયલ મીડિયા પોસ્ટ જ શેર કરે. એક ઈમિગ્રેશન વકીલને ટાંકીને કહેવામાં આવ્યું છે કે માત્ર એવા લોકો જ નહીં કે જેઓ શારીરિક રીતે કેમ્પસ એક્ટિવિઝમનો હિસ્સો છે, પણ સોશિયલ મીડિયા પર "રાષ્ટ્રવિરોધી" પોસ્ટ પસંદ કરનારા લોકોને પણ આવા ઈ-મેઈલ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને મોકલવામાં આવેલ ઈમેલમાં લખ્યું છે કે, "યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ વતી, બ્યુરો ઓફ કોન્સ્યુલર અફેર્સ વિઝા ઓફિસ તમારા વિઝા જારી થયા પછી માહિતીથી વાકેફ થઈ ગઈ છે.

# ખોડલધામ મંદિરે ચૈત્રી નવરાત્રીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે

**જિલ્લા-તાલુકાની મહિલા સમિતિ દ્વારા ધ્વજારોહણ, યજ્ઞ, રાસ-ગરબા અને ધૂન-કીર્તન વગેરે યોજાશે**

કાગવડ, તા.૨૯

હિંદુ ધર્મમાં ધામધૂમથી ઉજવાતી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ ૩૦ માર્ચથી થઈ રહ્યો છે. ચૈત્રી નવરાત્રીમાં વિશેષ ફળની પ્રાપ્તિ માટે ભક્તો માતાજીની ઉપાસના કરતા હોય છે. ત્યારે ચૈત્રી નવરાત્રીમાં વિશ્વ પ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિર ખાતે ભક્તિમય માહોલની વચ્ચે ઉજવણી કરાશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના સ્વપ્રદ્રષ્ટા નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખોડલધામ મહિલા સમિતિ દ્વારા ૩૦ માર્ચ, રવિવારથી ૬ એપ્રિલને રવિવાર સુધી ચૈત્રી નવરાત્રીની વિશિષ્ટ ઉજવણી કરાશે. આ દરમિયાન શ્રી ખોડલધામ મંદિરે અલગ અલગ ભક્તિમય કાર્યક્રમો યોજાશે. જેમાં ધ્વજારોહણ, યજ્ઞ, રાસ-ગરબા અને ધૂન-કીર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમો દરરોજ યોજાશે. જામનગર, ધોરાજી, જૂનાગઢ, અમરેલી, ગોંડલ, જામકંડોરણા, ઉપલેટા, રાજકોટ અને મોરબીની મહિલા સમિતિની બહેનો દ્વારા દરરોજ અલગ અલગ ધાર્મિક કાર્યક્રમો યોજીને મા ખોડલની આરાધના કરાશે.

# વેરાવળમાં ગીર સોમનાથ જિલ્લાની મહિલા પાણી સમિતિના સભ્યોનું સન્માન કરાયું

ગીર સોમનાથ,તા.૨૯



મુખ્યમંત્રી પાણી સમિતિ પ્રોત્સાહન યોજના હેઠળ આજે ગીર સોમનાથ જિલ્લાની મહિલા પાણી સમિતિના સભ્યોને કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. પંચાયતી રાજ્યના પાયાના એકમ એવા ગ્રામ પંચાયત સ્તરે આ પાણીની વ્યવસ્થા માટે ઉત્તમ કામગીરી કરનાર મહિલા સભ્યોને રૂ.૫૦,૦૦૦ની ઈનામી રાશિથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. કલેક્ટરે જણાવ્યું કે, ગ્રામ્ય પાણી સમિતિ સભ્યોમાં વધુને વધુ મહિલાઓ પોતાની સક્રિય ભાગીદારી નોંધાવે અને પાણી માટે ઉત્તમ કામ કરે તે જરૂરી છે. સવારે ઉઠવાથી માંડીને સાંજ સુધી આપણા સમાજમાં મહિલાઓને જ પાણી માટેની જવાબદારી મોટાભાગે ઉઠાવવાની આવતી હોય છે, ત્યારે પ્રભુની પ્રસાદી સમાન પાણીનો યોગ્ય વપરાશ થાય અને આ માટેની યોગ્ય વ્યવસ્થાઓ સુચારૂ રીતે ચાલ્યા કરે એ માટે મહિલાઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ મેનેજર અલ્પાબહેને આ કાર્યક્રમની રૂપરેખા અને ભૂમિકા આપી પાણી સમિતિ દ્વારા થયેલી કામગીરી જણાવી હતી.

# ધોરાજીમાં રાત્રે ટેલીફોનના થાંભલા કાપી હેરફેર થઈ રહ્યા હોવાના વાયરલ વીડિયોથી ખળભળાટ

ધોરાજી,તા.૨૯



ધોરાજી શહેરના સ્ટેશન પ્લોટ વિસ્તારમાં રાત્રિના સમયે ટેલીફોન વિભાગના થાંભલા કાપીને તેની હેરફેર થઈ રહી હોવાના વાયરલ વીડિયોથી સ્થાનિકોમાં ખળભળાટ મચ્યો છે. એક પીકઅપ વાનમાં કેટલાક ઈસમો કેન્દ્ર સરકારના ટેલીફોન વિભાગ હસ્તકના ટેલીફોનના થાંભલા ગેસ કટર વડે કાપી ખાનગી વાહનમાં ભરી લઈ જઈ રહ્યા છે તેવો વીડિયો વાયરલ થતાં ચકચાર મચી છે. એ સ્થળે ધોરાજી નગરપાલિકા વોર્ડ નંબર સાતના નવા ચૂંટાયેલા નગરસેવક અને ભૂગર્ભ ગટર વિભાગના ચેરમેન નીતિનભાઈ જાગાણી પણ આ વીડિયોમાં દેખાયા હતા. જેમાં જાગૃત નાગરિકે પૂછતા તેમણે જણાવેલ કે આ થાંભલા ધાર્મિક જગ્યા પર લઈ જવામાં આવી રહ્યા છે. બીજી તરફ ટેલીફોન વિભાગના અધિકારી સમગ્ર મામલે કંઈ બોલવા તૈયાર નથી અને કોઈપણ વ્યક્તિનો ફોન ઉપાડી રહ્યા નથી. ત્યારે સમગ્ર મામલો ચોરીનો છે કે શું એ હાલ જાણી શકાયું નથી. મળતી વિગતો પ્રમાણે આ બનાવ મામલે ધોરાજી પોલીસ મથકે પણ આ વીડિયો બનાવનાર સંબંધિત લોકોને બોલાવવામાં આવ્યા હતા તેવું કહેવાય છે. જોકે પત્રકારોએ પોલીસ અધિકારીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારની કોઈ ઘટના અમારા ધ્યાન સમક્ષ આવી નથી.

# આવતીકાલથી ત્રણ દિવસ રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરતું હવામાન વિભાગ

**કમોસમી વરસાદને કારણે કેરીના પાકને નુકસાનની ભીતિ**



સુરત,તા.૨૯

હવામાન વિભાગ દ્વારા ભરઉનાળે ગુજરાતમાં માવઠાંની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. એપ્રિલની કાળઝાળ વરસતી ગરમીમાં ૩૧ માર્ચથી એપ્રિલના પ્રથમ બે દિવસ દરમિયાન વરસાદ વરસી શકે છે. સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લા, દક્ષિણ અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજબીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ સાથે આગામી પાંચ દિવસ દરમિયાન મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં વધારા પર નિયંત્રણ લાગશે, એટલે કે ગરમીથી આંશિક રાહત મળશે. બીજી તરફ માવઠાંની આગાહીને કારણે ખેડૂતો ચિંતિત થઈ શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ૩૧ માર્ચથી ૨ એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન ગુજરાતના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. આ સાથે જ સૌરાષ્ટ્રના જિલ્લા અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં વીજળીના ચમકારાનું યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. બીજી તરફ સિસ્ટમ સક્રિય થતાં ગરમીમાં પણ ઘટાડો થઈ શકે છે.

# અધિકારીઓની ઢીલી નીતિ આ શાસનમાં નહી ચાલે : કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા

**પ્રજાના કામ ઝડપથી કરવા અધિકારીઓને કેન્દ્રીય મંત્રીની કડક સૂચના**




જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ જિલ્લાના મેંદરડા ખાતે શનિવારે તાલુકાકક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે અધિકારીઓને કડક સૂચના આપી હતી કે 'મજૂર માણસનો એક કાગળ ૧૫ દિવસે અધિકારી સુધી પહોંચે છે, તંત્રની આટલી ઢીલી કામગીરી આ શાસનમાં નહીં ચાલે'. રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની રજૂઆતોના ઉકેલ માટે તાલુકાકક્ષાએ સેવાસેતુ કાર્યક્રમમાં ૯ જેટલા નિષ્ણાત ડોક્ટરો દ્વારા મેડિકલ કેમ્પ, એસબીઆઈ અને સીએસઆરના ફંડમાંથી એલિમ્કો કંપની દ્વારા દિવ્યાંગોને સાધન સહાય વિતરણનો કાર્યક્રમ મેંદરડાના પટેલ સમાજ, પાદર ચોક ખાતે યોજાયો હતો. એમાં મેંદરડા તાલુકાનાં ૧૩થી વધુ ગામોના લોકોએ સેવાસેતુ તેમજ મેડિકલ કેમ્પનો લાભ લીધો હતો.

# અરબી સમુદ્રમાં નાની બોટ પર ફિશિંગ બોટ ચડાવી દેવામાં આવતા ફરિયાદ

વેરાવળ,તા.૨૯

અરબી સમુદ્રમાં પણ ગુંડાગીરીની ઘટનાઓ દિવસેને દિવસે વધી રહી છે. બે દિવસ પૂર્વે તા.૨૬-૦૩ના રોજ વેરાવળ જાલેશ્વર બંદરની નાની હોડી પર મોટી ફિશિંગ બોટથી દાદાગીરી કરી હોવાની ઘટના સામે આવી છે. નાની હોડી પર ફિશિંગ બોટ ચડાવી દેતા હોડીમાં સવાર માછીમારોના જીવ જોખમાયા હતા. અન્ય હોડીઓ દ્વારા માછીમારોના જીવ બચાવ્યા હતા. અરબી સમુદ્રમાં ગુજરાતના માછીમારો દરિયો ખેડતા હોય છે અને માછલીઓ પકડીને પોતાની રોજગારી ચલાવતા હોય છે. તેવામાં અનેકવાર ફિશિંગ દરમિયાન મોટી બોટના માલિકો દાદાગીરી કરતા હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવતી હોય છે. ત્યારે ગીર સોમનાથના જાલેશ્વર બંદર પર ફિશિંગ દરમિયાન ચાલતી દાદાગીરીની ઘટના સામે આવી છે. નાની હોડી પર મોટી ફિશિંગ બોટ ચડાવી દીધી હોવાથી પીડિત હોડીવાળા માછીમાર દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. અરબી સમુદ્રમાં દાદાગીરી કરનાર વણાકબારાની બોટ હોવાનું અનુમાન છે.

# ભાવનગરના વેળાવદરમાં જમીન વિવાદમાં મોટાભાઈએ નાનાભાઈનું ઢીમ ઢાળી દીધું

ભાવનગર,તા.૨૯



ભાવનગર જિલ્લાના વેળાવદર ભાલ પંથકના સવાઈનગરમાં જમીન વિવાદે ભાઈ-ભાઈ વચ્ચે થયેલી તકરાર હત્યામાં પરિણમી છે. મોટાભાઈએ નાનાભાઈ પર ધારિયા વડે હુમલો કરતાં નાનાભાઈનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. સવાઈનગરમાં મજૂરી કામ કરી ગુજરાન ચલાવતા ચંદુભાઈ બટુકભાઈ પરમાર (ઉંમર ૩૪) અને તેમના મોટાભાઈ મુકાભાઈ ચંદુભાઈ પરમાર (ઉંમર ૪૦) વચ્ચે જમીન વહેંચણીને લઈને વિવાદ ચાલતો હતો. સાંજે ૮ વાગ્યે ઘરે મોટાભાઈએ જમીન વેચવાની બાબતે ઝઘડો શરૂ કર્યો હતો. બંને ભાઈઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઉશ્કેરાયેલા મોટાભાઈએ નાનાભાઈના માથા અને શરીર પર ધારિયાના ઘા ઝીક્યા હતા.ગંભીર ઈજાઓ સાથે લોહીલુહાણ હાલતમાં ચંદુભાઈને ભાવનગરની સર ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં વેળાવદર ભાલ પોલીસનો કાફલો હોસ્પિટલ દોડી આવ્યો હતો.

# ખંભાત પાલિકામાં ૬ મહિલા સદસ્યોએ ચીફ ઓફિસરને ઢીબી નાખ્યા

ખંભાત,તા.૨૯



ખંભાત પાલિકાની સામાન્ય સભામાં મારામારીની ઘટના સામે આવી છે. રજિસ્ટરમાં સહી કરવા અંગે ચીફ ઓફિસર અને કાઉન્સિલર વચ્ચે રકઝક થઈ હતી. રાજીનામું આપ્યા બાદ પણ મહિલા કાઉન્સિલરો સભામાં હાજર રહી રજીસ્ટરમાં સહી કરવા લાગ્યા હતા. જેને લઈને ભારે હોબાળો થયો હતો અને મહિલા કાઉન્સિલરોએ ચીફ ઓફિસર સાથે મારામારી કરી હતી. હાલ ચીફ ઓફિસરે ૬ મહિલા કાઉન્સિલર સામે ફરિયાદ નોંધાવી છે.આ ઘટનાનો વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે.

# પંચમહાલમાં ભુવાએ પરિણીત પ્રેમિકાની કપટપૂર્વક હત્યા કરી

પંચમહાલ,તા.૨૯



પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. બે દિવસ પહેલા કુડલા ગામના રંજન પટેલનો મૃતદેહ ડુમેલાવ ગામના જંગલોમાં આવેલા ખેતરના તળાવમાંથી મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં ખુલાસો થયો કે આ હત્યા માતરિયા ગામના ભુવા દિલીપ ડામોરે કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, એક વર્ષ પહેલા રામાપીર ઉત્સવ દરમિયાન રંજનબેન અને તેમના પતિ કેવલભાઈ મહાસુખભાઈને આરોપી દિલીપના ઘરે આવવા જવાનું રહેતું હતું. આ સમય દરમિયાન રંજનબેન અને આરોપી દિલીપ વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. રંજનબેનનો છેલ્લા એક મહિનાથી પતિ સાથે ઝઘડો ચાલી રહ્યો હતો. એટલા માટે તે તેના પ્રેમી દિલીપ સાથે રહેવા માંગતી હતી. પરંતુ, દિલીપને આ મંજૂર નહોતું. આ સમસ્યાનો અંત લાવવાના બહાને તેણે રંજનબેનને ડુમેલાવ ગામમાં બોલાવી હતી. ત્યાં તેણે ઘરેથી લાવેલ સાયકલના બ્રેક વાયરનો ફાંસો લગાવીને રંજનબેનની હત્યા કરી દીધી હતી.

# ગાંધીનગરમાં છેલ્લા ૧૩ દિવસથી ચાલી રહેલી આરોગ્યકર્મીઓની હડતાળ

ગાંધીનગર,તા.૨૯




ગાંધીનગરમાં છેલ્લા ૧૩ દિવસથી આરોગ્યકર્મચારીઓની હડતાળ ચાલી રહી છે. તેમની શનિવારે પોલીસે અટકાયત કરી છે. શુક્રવારે મોડીરાત્રે એક વાત વહેતી થઇ હતી કે આરોગ્યકર્મચારીઓએ પોતાની હડતાળ સમેટી લીધી છે. એના કારણે અસમંજસની સ્થિતિ પેદા થઈ છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા મેસેજને ખોટા ગણાવવામાં આવ્યા હતા. આરોગ્યકર્મચારીઓની હડતાળમાં બે ફાંટા પડી ચૂક્યા છે. ખેડા સહિત કેટલાક જિલ્લામાં કર્મચારીઓ કામ પર પરત ફર્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. બીજી તરફ આરોગ્ય મહાસંઘના પ્રમુખ રણજિતસિંહ મોરીએ હડતાળ યથાવત્ હોવાનું જણાવ્યું હતું, જોકે શનિવારે સત્યાગ્રહ છાવણીએ કર્મચારીઓની સંખ્યા ઘટી ગઈ હતી, ઓછી સંખ્યામાં જે કર્મચારીઓ આંદોલન કરી રહ્યા હતા તેમની પોલીસે અટકાયત કરી છે.






## શનિ અમાવસ્યાના દિને હાથલામાં ભાવિકોનું ઘોડાપૂર

દેવભૂમી દ્વારકા,તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા શનિદેવના જન્મસ્થાન ગણાતા હાથલા ગામે શનેશ્વરી અમાસ નિમિત્તે રાજયભરમાંથી અનેક લોકો દર્શનાર્થે ઉમટી પડયા હતા. દર વર્ષની જેમ પદયાત્રીઓ શ્રધ્ધાળુઓ ઉમટ્યા હતા અને આ જ રીતે રાત્રે ૧૨ વાગ્યા સુધી હાથલામાં ભક્તોની લાંબી લાઈનો જોવા મળી હતી. ખાસ વાત એ છે કે પનોતી ઉતારવા માટે લોકો અહીં ચપ્પલ અને કપડાં મૂકીને જતાં રહે છે.

# રાજકોટમાં નશામાં ધૂત નબીરાને બચાવવા ડ્રાઈવર બદલી નાખવાનો પોલીસ પર ગંભીર આરોપ

રાજકોટ,તા.૨૯

રાજકોટ હિટ એન્ડ રન કેસમાં નશામાં ધૂત યુવકોને બચાવવા રાજકોટ પોલીસ પર યુવકને બચાવવા ડ્રાઈવરને બદલી નાખ્યો હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ૨૧ માર્ચના રોજ ન્યારી ડેમ રોડ પર ૧૮ વર્ષનો યુવક વાહન લઈને આવતો હતો ત્યારે સામેથી આવતી કારે ટક્કર મારીને કચડી નાખ્યો હતો. અકસ્માતમાં પરાગ ગોહિલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. યુવકને કચડી નાખી નબીરાઓ ફરાર થઈ ગયા હતા. જોકે, આ મામલે પોલીસે ડ્રાઈવર બદલી નાખ્યો હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. એવો દાવો કરવામાં આવ્યો કે તેણે પોલીસ સાથે સોદો કરીને ડ્રાઈવર બદલી નાખ્યો હતો. આ કેસની માહિતી પોલીસને લેખિત ફરિયાદમાં આપવામાં આવી છે. પીડિતના પરિવારે દાવો કર્યો છે કે રાજકોટ પોલીસ સાથે મળીને આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો.











